RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૫   શુક્રવાર તા.૧૯-૦૬-૨૦૨૬   અંક : ૧૪૫ વર્ષ : ૨૧   email :rajkot@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# ભારતીય શેરબજાર ખુલતાની સાથે ૮૦૦ પોઈન્ટનો કડાકો

## નિફ્ટીમાં પણ ૨૨૦ પોઈન્ટનું મોટું ગાબડું : આઈટી અને ટેકનોલોજી સેક્ટરના શેરોમાં આવેલી સુનામીના કારણે રોકાણકારોને મોટું નુકસાન



મુંબઈ

સપ્તાહના અંતિમ ટ્રેડિંગ દિવસે આજે ભારતીય શેરબજારની શરૂઆત ભારે નિરાશાજનક રહી છે. વૈશ્વિક બજારોમાંથી મળેલા નકારાત્મક સંકેતોને કારણે કારોબારની શરૂઆત થતાની સાથે જ બંને મુખ્ય ઈન્ડેક્સ પત્તાની જેમ વિખેરાઈ ગયા હતા. ખાસ કરીને આઈટી અને ટેકનોલોજી સેક્ટરના શેરોમાં આવેલી સુનામીના કારણે રોકાણકારોને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

બીએસસી સેન્સેક્સ તેના અગાઉના બંધ ૭૭,૪૦૯ ની સરખામણીએ મોટી કટોકટી સાથે ૭૬,૮૫૨ પર ઓપન થયો હતો. જોકે, ઓપનિંગ બાદ લાઈવ માર્કેટમાં ઘટાડો વધુ તીવ્ર બન્યો હતો અને ૩૦ શેરો ધરાવતો આ ઈન્ડેક્સ ગગડીને ૭૬,૬૦૫ ના લેવલ પર આવી ગયો હતો. આ હિસાબે સેન્સેક્સમાં ઓપનિંગ અવર્સ દરમિયાન ૮૦૪ પોઈન્ટથી વધુનો મોટો ઘટાડો નોંધાયો છે.

એનએસસી સેન્સેક્સની જેમ જ ૫૦ શેરો ધરાવતા ઈન્ડેક્સ નિફ્ટીની હાલત પણ ખરાબ રહી હતી. નિફ્ટી તેના અગાઉના બંધ ૨૪,૧૬૮ ની સામે નબળાઈ સાથે ૨૩,૯૯૧ પર ખૂલ્યો હતો અને ત્યારબાદ આશરે ૨૨૦ પોઈન્ટ તૂટીને ૨૩,૯૩૯ ના સ્તર પર આવી ગયો હતો, જેના કારણે તે ૨૪,૦૦૦ ની મહત્ત્વની સાયકોલોજિકલ સપાટીની નીચે સરકી ગયો છે.બજારને પાછળ ધકેલવામાં સૌથી મોટી ભૂમિકા આઈટી અને આઈટી સર્વિસ કંપનીઓની રહી છે. બીએસઈની લાર્જકેપ કેટેગરીમાં સામેલ અગ્રણી આઈટી શેરો ઓપનિંગ સાથે જ ધરાશાયી થયા હતા:શુક્રવારે માર્કેટ ઓપનિંગ દરમિયાન બજારનો મૂડ એકદમ નકારાત્મક હતો. આશરે ૯૫૬ કંપનીઓના શેરોએ તેજી સાથે ગ્રીન ઝોનમાં ટ્રેડિંગ શરૂ કર્યું હતું, જેની સામે ૧૩૨૪ કંપનીઓના સ્ટોક્સ એવા હતા જે મોટી ગગડન સાથે રેડ ઝોનમાં ઓપન થયા હતા. આ સિવાય ૧૭૮ શેરોના ભાવમાં કોઈ ફેરફાર જોવા મળ્યો ન હતો.

શેરબજારમાં આજના આ મોટા ઘટાડા પાછળ ગ્લોબલ આઈટી સર્વિસ જાયન્ટ કંપની 'એક્સેન્ચર' નો એક અહેવાલ જવાબદાર છે. એક્સેન્ચરે પશ્ચિમ એશિયામાંથી આવતા રેવન્યુમાં પડકારોને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે પોતાના રેવન્યુ ગ્રોથના અનુમાનમાં કાપ મૂક્યો છે. આ નકારાત્મક અહેવાલને કારણે વૈશ્વિક સ્તરે આઈટી સેક્ટરમાં સેન્ટિમેન્ટ બગડ્યું છે, જેના લીધે અમેરિકી બજારમાં એક્સેન્ચરનો શેર રાતોરાત આશરે ૧૮% તૂટ્યો હતો, જ્યારે ઁહર્કજઅજ છહ્વઈ માં આશરે ૧૦% અને ઉંછિહ્વઈ માં ૩.૬% નો ઘટાડો નોંધાયો હતો, જેની સીધી નકારાત્મક અસર આજે ભારતીય ટેક શેરો પર પડી છે.

## વાયદા બજારમાં સુનામી : સોનામાં ૨૬૦૦ અને ચાંદીના ભાવમાં રૂ.૭૦૦૦નો કડાકો

### ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરો યથાવત રાખવામાં આવતા વાયદા બજાર તૂટ્યું

મુંબઈ

વૈશ્વિક બજારમાં બદલાતા આર્થિક સમીકરણોની સીધી અસર ભારતીય કોમોડિટી માર્કેટ પર જોવા મળી છે. એમસીએક્સ પર સોના અને ચાંદીના ભાવમાં મોટો સિંગલ-ડે કડાકો નોંધાયો છે. સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ રૂ.૨૬૦૦ થી વધુ અને ચાંદીમાં પ્રતિ કિલોગ્રામ રૂ.૭૦૦૦ થી વધુનો આકરો ઘટાડો થતાં બજાર સંપૂર્ણપણે તૂટી ગયું છે.

વાયદા બજારની માહિતી અનુસાર, ચાંદી અત્યારે રૂ.૨૩૦૮૭૯.૦૦ પર ટ્રેડ કરી રહી છે, જે આગલા બંધ ભાવથી ૬૬૯૩.૦૦ (-૨.૮૨%) નો સીધો ઘટાડો દર્શાવે છે. જો દિવસના સૌથી નીચા સ્તરની સરખામણી કરીએ તો તેમાં મહત્તમ ૭૦૪૮ નો મોટો કડાકો આવી ચૂક્યો છે.

સોનું અત્યારે ૧૪૬૭૧૪.૦૦ પર ટ્રેડ થઈ રહ્યું છે, જે આગલા બંધથી -૨૫૯૫.૦૦ (-૧.૭૪%) નો ઘટાડો દર્શાવે છે. દિવસના સૌથી નીચા સ્તરને સરખાવતા સોનામાં એક તબક્કે ૨૬૦૯ નો જંગી ઘટાડો નોંધાયો છે.

બજારના આર્થિક નિષ્ણાતોના જણાવ્યા અનુસાર સોના-ચાંદીમાં આવેલા આ અચાનક કડાકા પાછળ બે મુખ્ય વૈશ્વિક કારણો જવાબદાર માનવામાં આવી રહ્યા છે:



ભારતમાં અમરનાથ યાત્રાનું એક આગવું મહત્વ છે,દેશભરમાંથી ભાવિકો અમરનાથ યાત્રાએ જયા છે ત્યારે યાત્રિકોની સુરક્ષા માટે તંત્ર સજ્જ થયું છે.રેલવે સ્ટેશન પર સુરક્ષા અધિકારીઓ દ્વારા માલસામાનનું ચેકીગ કરવામાં આવી રહ્યું છે.

## આતંકવાદનો ઉપયોગ રાજ્ય નીતિ તરીકે કરનાર દેશ સહયોગની અપેક્ષા રાખી શકે નહીં

### સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં સિંધુ જળ સંધિ મામલે ભારતે પાકિસ્તાનને આપ્યો જવાબ

નવી દિલ્હી

ભારતે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં પાકિસ્તાનને સખત ઠપકો આપ્યો છે. ભારતે ૧૯૬૦ ની સિંધુ જળ સંધિને આજના સમયમાં જૂની અને નકામી ગણાવી હતી. ભારતે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જે દેશ આતંકવાદનો ઉપયોગ રાજ્ય નીતિ તરીકે કરે છે તે મિત્રતા અને સહયોગથી લાભ મેળવવાની અપેક્ષા રાખી શકે નહી.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રથમ સચિવ અનુપમા સિંહે પાકિસ્તાનના આરોપોનો કડક જવાબ આપ્યો. તેમણે જણાવ્યું હતું કે સિંધુ જળ સંધિ પર ભારતનું વલણ સ્પષ્ટ છે. એક તરફ પાકિસ્તાન આતંકવાદની નિકાસ કરે છે અને બીજી તરફ સદ્ભાવના પર આધારિત કરારના લાભો માંગે છે તે તર્કની બહાર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૧૯૬૦ ની સંધિ હવે જૂની થઈ ગઈ છે. દુનિયા બદલાઈ રહી છે, અને કોઈ પણ તકનીકી વ્યવસ્થા સમય જતાં સ્થિર રહી શકતી નથી. આ છ દાયકા જૂની સંધિને આજની વાસ્તવિકતાઓથી અલગ કરી શકાતી નથી.

ભારતે પહેલગામ આતંકવાદી હુમલાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. આ હુમલા બાદ, ભારતે સિંધુ જળ સંધિને ત્યાં સુધી સ્થગિત કરી દીધી છે જ્યાં સુધી પાકિસ્તાન સરહદ પાર આતંકવાદને સંપૂર્ણપણે નાબૂદ ન કરે. સરકારી માહિતી અનુસાર, પાકિસ્તાન તેની ૮૦ ટકા ખેતી અને ૯૩ ટકા પાણીની જરૂરિયાતો માટે સિંધુ નદી પ્રણાલી પર આધાર રાખે છે.

સચિવ અનુપમા સિંહે પાકિસ્તાનને તેના આંતરિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી. તેમણે કહ્યું કે ભારતીય પ્રદેશો પર નજર રાખવાને બદલે, પાકિસ્તાને પોતાની સ્થાનિક પરિસ્થિતિ સુધારવી જોઈએ. તેમણે પાકિસ્તાનને "ફ્રેન્કેસ્ટાઈન રાજ્ય" તરીકે વર્ણવ્યું. ભારતે કહ્યું કે પાકિસ્તાન પોતે ઉગ્રવાદી જૂથોને પોષે છે અને જ્યારે તે જ રાક્ષસો તેને કરડે છે ત્યારે આશ્ચર્ય થાય છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ગર્વથી આતંકવાદીઓને તાલીમ આપવાનું સ્વીકારે છે, છતાં પાકિસ્તાન પોતાને આતંકવાદનો શિકાર કહે છે. આ પાકિસ્તાનના બેવડા ધોરણો દર્શાવે છે.

## શાંતિ કરાર માટે અમેરિકાએ ભારે દબાણ અને મોટો દાવપેચ અજમાવ્યા : મોજતબા ખામેનેઈ

### કરાર ઉપર હસ્તાક્ષર બાદ ઈરાનના સર્વોચ્ચ નેતાનું પ્રથમ નિવેદન





નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ સમાપ્ત થવા અને ડીલ થઈ ગયા પછી, ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈનું પહેલું નિવેદન સામે આવ્યું છે. ખામેનેઈએ દાવો કર્યો છે કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ કરાર કરાવવા માટે લાચારીમાં આવીને તમામ પ્રકારના દબાણ અને દાવપેચનો ઉપયોગ કર્યો હતો.

સાથે જ તેમણે જણાવ્યું કે, તેઓએ અમેરિકા સાથે થયેલા આ કરારને મંજૂરી આપી દીધી છે, જોકે તેમણે એવું પણ કહ્યું કે આ મુદ્દા પર તેમનો "અલગ અભિપ્રાય" હતો. તેમણે આ બાબતે વધુ વિગતો આપી ન હતી. તેમણે કહ્યું કે તેમણે આ કરારને આગળ વધવા દીધો કારણ કે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયને તેમને ભરોસો આપ્યો હતો કે તેઓ "ઈરાનના અધિકારોનું રક્ષણ કરશે".

સર્વોચ્ચ નેતાએ એમ પણ કહ્યું કે ભવિષ્યમાં તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે "આમને-સામને વાતચીત" થશે, પરંતુ તેનો અર્થ એ નહી હોય કે "દુશ્મનના અભિપ્રાય કે સ્થિતિનો સ્વીકાર કરી લેવામાં આવ્યો છે."

આ પહેલીવાર છે જ્યારે ખામેનેઈએ આ કરાર પર કોઈ પ્રતિક્રિયા આપી છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાન પર થયેલા અમેરિકા-ઈઝરાયેલના હુમલામાં તેમના પિતા અને પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના અવસાન બાદ, માર્ચ મહિનામાં મોજતબાએ આ પદ સંભાળ્યું હતું. ત્યારપછી તેઓ સાર્વજનિક રૂપે ક્યારેય જોવા મળ્યા નથી.આમ તો ડોનાલ્ડ ટ્રમ્પેમોજતબા ખામેનેઈના આ નિવેદન પર સીધી રીતે કોઈ પ્રતિક્રિયા આપી નથી, પરંતુ તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ મૂકી છે.

## ભારત ગઠબંધનમાં તિરાડનો દાવો, આપના લોકસભા સાંસદ દળોમાં જોડાઈ શકે છે

### અગાઉ, આમ આદમી પાર્ટી ના સાત રાજ્યસભા સાંસદો પાર્ટી છોડીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા

નવીદિલ્હી,

કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ ઉદ્ધવ ઠાકરે પર આકરા પ્રહારો કર્યા છે, જેમાં વિપક્ષી ગઠબંધન 'ઈન્ડિયા'માં મોટો ભાગલા પડવાનો દાવો કરવામાં આવ્યો છે. સંજય રાઉતના નિવેદન પર પ્રતિક્રિયા આપતા આઠવલેએ કહ્યું કે હવે ઉદ્ધવ ઠાકરે માટે તેમના સાંસદો અને ધારાસભ્યોને મેનેજ કરવાનું ખૂબ મુશ્કેલ બની ગયું છે. તેમણે કહ્યું કે ઉદ્ધવ ઠાકરેએ ૨૦૧૯ માં દેવેન્દ્ર ફડણવીસને મુખ્યમંત્રી બનવા માટે ટેકો ન આપીને મોટી ભૂલ કરી. જો તેમણે તે સમયે યોગ્ય નિર્ણય લીધો હોત, તો તેઓ પોતે નાયબ મુખ્યમંત્રી બની શક્યા હોત.

અઠાવલેએ કહ્યું, નવમાંથી છ શિવસેના (યુબીટી) સાંસદો હવે એકનાથ શિંદે સાથે જોડાયા છે. આનાથી મહારાષ્ટ્રમાં એનડીએ અને મહાયુતિની તાકાતમાં નોંધપાત્ર વધારો થયો છે. મહારાષ્ટ્રમાં જ નહીં પરંતુ દેશભરના અન્ય રાજ્યોમાં પણ વિપક્ષી છાવણીમાં ભારે ઉથલપાથલ છે. અઠાવલેના મતે, ડીએમકેએ કોંગ્રેસ સાથેનું જોડાણ તોડી નાખ્યું છે. મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસના ઘણા સાંસદો એનડીએમાં જોડાયા છે, અને આમ આદમી પાર્ટીના લોકસભા સભ્યો પણ જોડાઈ શકે છે.



સૌરાષ્ટ્ર આસપાસ

# અલ-નીનોના સંભવિત પડકારો સામે ગુજરાતનું વહીવટી તંત્ર સજ્જ

## ખેડૂતો માટે આકસ્મિક પાક આયોજન જાહેર; AI આધારિત કૃષિ પ્રગતિ પોર્ટલ દ્વારા ૫૦ લાખથી વધુ ખેડૂતોને મળશે માર્ગદર્શન

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાટનગર ગાંધીનગર ખાતે આગામી અલ-નીનોના સંભવિત પ્રભાવ સામે રાજ્યની એકંદર સજ્જતાની સમીક્ષા કરવા માટે એક સર્વગ્રાહી અને ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ કૃષિ, સિંચાઈ, પાણી પુરવઠો, નર્મદા, વન અને મહેસૂલ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ મહત્વપૂર્ણ બેઠક બાદ વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ અલ-નીનોની સંભવિત પરિસ્થિતિ સામે નાગરિકો, ખેડૂતો અને પશુધનની સુખાકારી માટે રાજ્ય સરકારના તમામ વિભાગો એક થઈને આગોતરા આયોજન સાથે કામ કરી રહ્યા છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની મુખ્ય જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ ઉપરાંત રાજ્યના તમામ પ્રદેશોના જળાશયોમાં સંગ્રહીત પાણીના જથ્થાની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી. રાજ્યમાં પીવાના પાણીની કોઈ તકલીફ ન પડે તે માટે જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગને નર્મદા નેટવર્ક સાથે જોડીને આગોતરું આયોજન કરવા આદેશ આપવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આદેશના આદેશ મુજબ સૌરાષ્ટ્રમાં સૌની યોજનાથી પીવા માટેના પાણીના ડેમમાં સત્વરે પાણી ભરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય પણ કર્યો હતો. અગાઉ નર્મદા પાઈપલાઈનથી ૩ કીલોમીટર સુધીના વિસ્તારમાં આવતા જ તળાવો ભરવામાં આવતા હતા, હવેથી પાઈપલાઈનથી ૭ કિલોમીટર સુધીના વિસ્તારમાં આવતા તળાવો પણ નર્મદાના પાણીથી ભરવામાં આવશે. જે મુજબ સુજલામ સુફલામ યોજનાથી ઉત્તર ગુજરાતના આશરે ૩૦૦થી વધુ તળાવો ભરવા પણ મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે.

કૃષિ ક્ષેત્રની સજ્જતા અંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, ખરીફ-૨૦૨૬ માટે રાજ્યમાં બિયારણ અને ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. કૃષિ વિભાગે અલ-નીનોની સંભવિત પરિસ્થિતિમાં ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવા માટે 'આકસ્મિક પાક આયોજન' તૈયાર કર્યા છે. જેમાં, વૈજ્ઞાનિક સલાહ અને વૈકલ્પિક ટૂંકા ગાળાના તથા ઓછા પાણીએ પાકતા પાકોની વિગતો ખેડૂતો માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ ઉપરાંત કૃષિ વિભાગ સેટેલાઈટ દ્વારા જમીનના ભેજ અને પાકના સ્વાસ્થ્ય પર નજર રાખી રહી છે અને છૈં ડ્રિવન 'કૃષિ પ્રગતિ'ના માધ્યમથી ૫૦ લાખથી વધુ ખેડૂતોને સીધા મોબાઈલ પર લાઈવ હવામાન અને કૃષિ સલાહના જીસ્જી મોકલવામાં આવી રહ્યા છે.

જગતના તાતની સાથે રાજ્યના પશુધનની સુરક્ષા પણ સરકારની અગ્રતા છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, સંભવિત અલ-નીનોની સ્થિતિમાં પશુઓને ઘાસચારાની તંગી ન વર્તાય તે માટે વન વિભાગ અને પશુપાલન વિભાગને પૂરતા પ્રમાણમાં ઘાસચારાની આગોતરી વ્યવસ્થા અને બફર સ્ટોક તૈયાર રાખવા સૂચના આપવામાં આવી છે. હાલમાં રાજ્ય સરકાર પાસે ૨ વર્ષ સુધી ચાલે એટલો ઘાસચારાનો બફર સ્ટોક ઉપલબ્ધ છે.

# અમદાવાદમાં NEETની તૈયારી કરતા વિદ્યાર્થીનો પરીક્ષાના ૩ દિવસ પહેલા જ આપઘાત

## NEET રી-એગ્ઝામના વધતા સ્ટ્રેસથી ગુજરાત સહિત અનેક રાજ્યોમાં વિદ્યાર્થીઓએ ટૂંકાવ્યું જીવન

અમદાવાદ,

૨૧ જૂને હજારો મેડિકલ ઉમેદવારો NEET-UG પુનઃપરીક્ષા આપવાના છે અને તેના થોડા દિવસો પહેલા જ ગુજરાત, તમિલનાડુ, દિલ્હી, ઉત્તરાખંડ અને મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓએ જીવન ટુકાવ્યું છે.

આ દરમિયાન, NTA ના ડિરેક્ટરે વિદ્યાર્થીઓને ખાતરી આપી છે કે દ્ગઈઈ્ પુનઃ પરીક્ષા સંપૂર્ણ રીતે સુરક્ષિત યોજાશે. વિદ્યાર્થીઓ અને વાલીઓને સોશિયલ મીડિયા પર પ્રશ્નપત્ર લીક કરવાના ખોટા દાવા કરનાર ઠગોથી સાવચેત રહેવાની અપીલ કરી છે.

અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાં દ્ગઈઈ્ પરીક્ષાની તૈયારી કરી રહેલા ૧૭ વર્ષીય વિદ્યાર્થીએ આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ છે. વહેલી સવારે એરિસ્ટો આનંદમ ફલેટમાં રહેતા વિદ્યાર્થીએ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ થતાં સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ ખાતે ખસેડ્યો હતો. નોંધનીય છે કે, ૩ દિવસ બાદ એટલે કે આગામી ૨૧મી જુલાઈના રોજ NEETની રી-ટેસ્ટ યોજાવાની છે, આ પહેલા જ વિદ્યાર્થીના આપઘાતના બનાવથી પરિજનો પણ શોકમાં ગરકાવ થઈ ગયા છે.

ન્યૂ રાણીપ વિસ્તારમાં આવેલા એરિસ્ટો આનંદમ ફ્લેટમાં રહેતા NEETના વિદ્યાર્થી રાત્રે અંદાજે અઢી વાગ્યાની આસપાસ આપઘાત કરી લીધો હતો. રાત્રિનો સમય હોવાથી ઘટનાની તાત્કાલિક કોઈને જાણ થઈ ન હતી. સવારે ફલેટના સિક્યુરિટી ગાર્ડની નજર વિદ્યાર્થી પર પડતાં સમગ્ર ઘટનાનો ખુલાસો થયો હતો.

# યુકે વર્ક વિઝા અપાવવાના નામે મહિલા લેક્ચરર સાથે ૩૪ લાખની છેતરપિંડી

## મહિલાએ લંડન સ્થિત એક એજન્ટ સામે પોલીસ ફરિયાદ નોંધાવી

વલસાડ,

ગુજરાતની એક મહિલા લેક્ચરર સાથે યુકે વર્ક વિઝા અપાવવાના નામે લાખો રૂપિયાની છેતરપિંડીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. વલસાડની સરકારી પોલિટેકનિક કોલેજમાં ફરજ બજાવતી અને મૂળ ગાંધીનગરની રહેવાસી મહિલાએ લંડન સ્થિત એક એજન્ટ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, મહિલાને વિદેશમાં નોકરી મેળવવાની અને દ્બમાં વર્ક વિઝા પર જવાની ઇચ્છા હતી. આ દરમિયાન તેમના મિત્રોના પરિચયથી તેમનો સંપર્ક યુકે સ્થિત એક એજન્ટ સાથે થયો હતો. એજન્ટે વર્ક વિઝા પ્રક્રિયા માટે વિશેષ પેકેજ હોવાની વાત કહી હતી અને સમગ્ર પ્રક્રિયા માટે મોટી રકમની માંગણી કરી હતી.

પ્રારંભિક તબક્કામાં પ્રોફાઈલ રિવ્યુ, ડોક્યુમેન્ટ ચકાસણી અને વિઝા પ્રક્રિયાના વિવિધ ખર્ચના બહાને લાખો રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. બાદમાં ઓનલાઈન એગ્રીમેન્ટ અને જરૂરી દસ્તાવેજો મંગાવી સમગ્ર પ્રક્રિયા આગળ વધારવામાં આવી હોવાનું જણાવાયું હતું. ફરિયાદી અને તેમના મિત્ર દ્વારા અલગ-અલગ તબક્કે કુલ ૩૫ લાખ રૂપિયાથી વધુની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. જોકે, પૈસા મળ્યા બાદ પણ વિઝા પ્રક્રિયામાં સતત વિલંબ થતો રહ્યો. ક્યારેક દસ્તાવેજોમાં ભૂલ હોવાનું તો ક્યારેક સ્પોન્સર લેટરમાં ખામી હોવાનું કહીને એજન્ટ સમય પસાર કરતો રહ્યો હતો.

# ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ અંતર્ગત ગુજરાતમાં ૧૫ મોટા ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહન સહાય મંજૂર

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો



અમદાવાદ,

ગુજરાત સરકારે રાજયની ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળની ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ અંતર્ગત કુલ ?૧,૫૬૭.૧૮ કરોડના રોકાણ ધરાવતા ૧૫ મોટા ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહન સહાય મંજૂર કરી છે. આ રોકાણોથી રાજયમાં અંદાજે ૧,૨૩૮ રોજગારીની તકોનું સર્જન થવાની અપેક્ષા છે.

આ મંજૂરીઓ યોજનાના અંતર્ગત મોટા ઉદ્યોગોને ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપતી સમિતિની બેઠકમાં આપવામાં આવી હતી. આ બેઠક નાયબ મુખ્યમંત્રી તથા ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

ગુજરાતને ભારત તેમજ વૈશ્વિક સ્તરે સૌથી આકર્ષક રોકાણ સ્થળોમાં સ્થાન અપાવવાના હેતુથી રાજયની ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળ ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના હેઠળ ગુજરાતમાં સ્થાપના કરતા પાત્ર ઉદ્યોગોને નેટ SGST સહાય આપવામાં આવે છે. યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય મેન્યુફેક્ચરિંગ, ટેક્નોલોજીકલ ઈનોવેશન અને મોટા પાયે ઔદ્યોગિક રોકાણોને પ્રોત્સાહન આપવાનો છે.

આ યોજના હેઠળ અત્યાર સુધી રાજયમાં કુલ ?૧,૪૮,૩૩૬.૩૫ કરોડનું રોકાણ આકર્ષવામાં આવ્યું છે અને આશરે ૧,૬૫,૦૫૩ સીધી રોજગારીનું સર્જન થયું છે. ઉપરાંત, આ યોજનાએ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs)ના વિકાસને પણ વેગ આપ્યો છે, જેના પરિણામે ગુજરાતમાં ઔદ્યોગિક ઈકોસિસ્ટમનું નિર્માણ થયું છે.

તાજેતરની સમિતિ બેઠકમાં મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સમાં ભરૂચ જિલ્લામાં કેમિકલ્સ ક્ષેત્રમાં ?૯૯૯.૮૨ કરોડના રોકાણને સહાય માટે મંજૂરી આપવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં ઓટોમોબાઈલ ક્ષેત્રમાં ?૭૫.૭૨ કરોડ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ઓટોમોબાઈલ ક્ષેત્રમાં ?૪૪.૫૬ કરોડના રોકાણ ધરાવતા પ્રોજેક્ટ્સને પણ મંજૂરી આપવામાં આવી છે. ઉપરાંત, ગાંધીનગર જિલ્લામાં ટેક્સટાઈલ ક્ષેત્રના ?૧૩ કરોડના પ્રોજેક્ટને પણ પ્રોત્સાહન સહાય માટે મંજૂરી આપવામાં આવી છે.

# વડોદરામાં ૫ વર્ષની માસૂમનું અપહરણ બાદ હત્યા : કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો

## ત્રણ દિવસ સુધી ચાલેલી સઘન શોધખોળ બાદ બાળકીનો મૃતદેહ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો

વડોદરા,

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સતીષાણા ગામમાં બનેલી એક હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોક અને આક્રોશનો માહોલ સર્જ્યો છે. પાંચ વર્ષની નિર્દોષ બાળકીનું અપહરણ થયા બાદ તેની હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ત્રણ દિવસ સુધી ચાલેલી શોધખોળ બાદ બાળકીનો મૃતદેહ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, સતીષાણા ગામમાં રહેતા શ્રમિક પરિવારની પાંચ વર્ષની દીકરી ૧૪ જૂનની રાત્રે પોતાના ઘરના ઓટલા પર ખાટલામાં સૂતી હતી. રાત્રિના સમયે કોઈ અજાણ્યા વ્યક્તિએ બાળકીને લલચાવી અથવા અન્ય કોઈ રીતે પોતાના કબજામાં લઈ અપહરણ કર્યું હોવાનું માનવામાં આવે છે. સવારે બાળકી ગુમ હોવાનું જાણવા મળતા પરિવારજનો અને ગામલોકોમાં ચિંતા ફેલાઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતાં પોલીસ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. સ્થાનિક પોલીસ ઉપરાંત એલસીબી, એસઓજી સહિતની વિવિધ ટીમો તપાસમાં જોડાઈ હતી. ડોગ સ્ક્વોડની મદદથી પણ બાળકીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન બુધવારે વણીયાદ નજીક આવેલી નર્મદા કેનાલમાંથી બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો.

# અમદાવાદની શારદાબેન હોસ્પિટલમાં ડિલિવરી દરમિયાન મહિલાનું મોત, પરિવારજનોનો તબીબી બેદરકારીનો આરોપ

## પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મહિલાના મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશેઃ પોલીસ

અમદાવાદ,

અમદાવાદના સરસપુર વિસ્તારમાં આવેલી શારદાબેન હોસ્પિટલમાં પ્રસૂતિ માટે દાખલ કરાયેલી મહિલાના મૃત્યુ બાદ ભારે વિવાદ સર્જાયો છે. પરિવારજનોએ સારવાર દરમિયાન તબીબી બેદરકારી થઈ હોવાનો આક્ષેપ કરતા ઘટનાની નિષ્પક્ષ તપાસ અને પોસ્ટમોર્ટમની માંગ ઉઠાવી છે.

મળતી માહિતી મુજબ બાપુનગર વિસ્તારના સંજયનગરમાં રહેતી ૩૫ વર્ષીય પ્રિયાબેન પટણી ગર્ભવતી હતા અને તેમની સારવાર ખાનગી હોસ્પિટલમાં ચાલી રહી હતી. પ્રસૂતિની પીડા શરૂ થતાં પરિવારજનો તેમને સારવાર માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શારદાબેન હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં તેમને દાખલ કરીને સારવાર શરૂ કરવામાં આવી હતી.

પરિવારજનોના જણાવ્યા અનુસાર મહિલાની સ્થિતિ શરૂઆતમાં સામાન્ય હતી, પરંતુ મોડી રાત્રે અચાનક તબિયત બગડી ગઈ હતી. ત્યારબાદ વહેલી સવારે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હોવાનું હોસ્પિટલ તરફથી જણાવાયું હતું. હોસ્પિટલના તબીબોએ પરિવારને માહિતી આપતા કહ્યું હતું કે મહિલાના ધબકારા અચાનક વધી જવાથી અને બેભાન થઈ જવાથી ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. મૃતકના પરિવારજનોએ આ ઘટનામાં તબીબી બેદરકારી થઈ હોવાનો આક્ષેપ કર્યો છે. તેમના કહેવા મુજબ ડિલિવરી પ્રક્રિયા દરમિયાન હોસ્પિટલ સ્ટાફે ડોક્ટરના ફોન પર આપવામાં આવેલા સૂચનોના આધારે કામગીરી કરી હતી. જેના કારણે યોગ્ય અને સમયસર સારવાર ન મળતાં મહિલાનું મૃત્યુ થયું હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# આપ ધારાસભ્ય ચૈતર વસાવાએ સરકારની યોજનાઓના વખાણ કર્યાં

## નર્મદા જિલ્લાના ચીકદા તાલુકામાં યોજાયેલી જન કલ્યાણ શિબિરમાં આપ ધારાસભ્ય ચૈતર વસાવાના સુર બદલાયા

નર્મદા,

ચૈતર વસાવા ગુજરાત સરકારનો સતત વિરોધ કરતાં જોવા મળે છે. પરંતુ હવે નર્મદા જિલ્લાના ચીકદા તાલુકામાં યોજાયેલી જન કલ્યાણ શિબિરમાં આપ ધારાસભ્ય ચૈતર વસાવાના સુર બદલાયા છે. ચૈતર વસાવાનું નિવેદન ચર્ચાનો વિષય બન્યું છે. સામાન્ય રીતે રાજ્ય સરકારના કાર્યક્રમોમાં વિવિધ કૌભાંડો, વહીવટી તંત્રની કામગીરી અને અધિકારીઓ સામે આક્રમક વલણ અપનાવતા ચૈતર વસાવાના આ શિબિરમાં અલગ જ સુર જોવા મળ્યા હતા. આ કાર્યક્રમમાં સાંસદ મનસુખ વસાવા પણ મંચ પર ઉપસ્થિત હતા. રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, "એક હાથથી તાળી ન પડી શકે, વિકાસ માટે આપણે પણ સહકાર આપવો પડશે."ચૈતર વસાવાએ નર્મદા જિલ્લામાં મનરેગા યોજનાની કામગીરીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે જિલ્લો રોજગાર આપવામાં રાજ્યમાં પાંચમા ક્રમે પહોંચ્યો છે. નોંધનીય છે કે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી દરમિયાન તેમણે મનરેગામાં કથિત કૌભાંડના મુદ્દા ઉઠાવ્યા હતા, જ્યારે હવે તે જ યોજનાની કામગીરી અંગે સકારાત્મક વાત કરી છે. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે પણ જણાવ્યું કે ડેડીયાપાડા તાલુકો રાજ્યમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા તાલુકાઓમાં સ્થાન ધરાવે છે.સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં નર્મદા જિલ્લાના ચાર તાલુકાઓમાં આપની સત્તા હોવાના કારણે પણ ચૈતર વસાવાના બદલાયેલા અભિગમ અંગે રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે.

# ગાંધીનગર જિલ્લાના માણસામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાશે

## આ વર્ષે 'યોગા ફોર હેલ્ધી એજિંગ' થીમ પર વિશેષ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર,

૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંગે વિગતો આપતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના ૧૨ વર્ષની ઉજવણી વિશિષ્ટ સેવાકીય કાર્યો દ્વારા કરવામાં આવી રહી છે. આ અંતર્ગત ગુજરાતમાં આ વર્ષે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં કરવામાં આવશે. જેમાં ૪ હજારથી વધુ નાગરીકો સહભાગી થશે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આ વર્ષે 'યોગા ફોર હેલ્ધી એજિંગ' થીમ પર વિશેષ કાર્યક્રમો યોજાશે. આ સંદર્ભે રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૦થી વધુ મોટા કાર્યક્રમોનું સફળ આયોજન થઈ ચૂક્યું છે. આગામી યોગ દિવસ સુધીમાં સમગ્ર રાજ્યમાં શાળાઓ, કોલેજો, કોર્પોરેટ ઓફિસો, ઈન્ડસ્ટ્રીઝ, બગીચાઓ અને જાહેર માર્ગો પર મળીને કુલ ૨૪,૦૦૦ જેટલા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સંઘવીએ માહિતી આપતા ઉમેર્યું કે, આ વર્ષે યોગ દિવસે સમગ્ર રાજ્યમાંથી ૧.૨૫ કરોડથી પણ વધુ નાગરિકો યોગ પ્રોટોકોલ તાલીમમાં ભાગ લેવાના છે. તમામ જિલ્લાઓમાં કલેક્ટરઓ, મ્યુનિસિપલ કમિશનરઓ અને સામાજિક સંસ્થાઓના સંકલન સાથે વિવિધ સમિતિઓ આ આયોજનને સફળ બનાવવા કાર્યરત છે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં ૧૪ જૂનથી ૨૦ જૂન સુધી 'યોગ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. સફાઈ કર્મચારીઓ, મહિલાઓ, સિનિયર સિટીઝન્સ અને ખેડૂતો જેવા સમાજના વિવિધ વર્ગો આવરી લઈને ૧૨ જેટલા વિશેષ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. જેમાંથી ૧૦કાર્યક્રમો સંપન્ન થઈ ચૂક્યા છે અને બાકીના ૨કાર્યક્રમો આગામી બે દિવસમાં યોજાશે. આ ઉપરાંત, ૧૭ મહાનગરપાલિકાઓ, ૩૩ જિલ્લાઓના તમામ તાલુકાઓ, નગરપાલિકાઓ અને ગ્રામ્ય સ્તરે એક જ સમયે સામૂહિક યોગાભ્યાસ યોજાશે.

# પંજાબ પોલીસના ૨૬૧ અધિકારીઓને ક્લાઉડ AI અને પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગની તાલીમ આપવામાં આવી

## નવ સત્રો અને છ કલાકના પ્રેક્ટિકલ લર્નિંગમાં વિસ્તરેલો આ કોર્સ ખાસ કરીને કાયદા અમલીકરણ અધિકારીઓ માટે તૈયાર કરવામાં આવ્યો હતો

અમદાવાદ,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) એ તેની સ્કૂલ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ સાયબર સિક્યોરિટી (SITAICS) દ્વારા ૧૫થી ૧૭ જૂન ૨૦૨૬ દરમિયાન ઓનલાઈન લાઈવ વર્ચ્યુઅલ મોડમાં પંજાબ પોલીસના ૨૬૧ અધિકારીઓ માટે "ક્લાઉડ એઆઈ ૧૦૧ અને પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગ" પર ત્રણ દિવસીય ફાઉન્ડેશન કોર્સનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીના ડીન (ઈન્ચાર્જ) ડૉ. જસબીરકૌર થાધાનીના ઉદ્ઘાટન પ્રવચન સાથે થઈ હતી, જેમણે નોંધ્યું હતું કે AI સાધનો અધિકારીઓને માહિતીના વધતા જથ્થાને સંભાળવામાં અને નિયમિત કાગળકામને સ્વચાલિત કરવામાં મદદ કરે છે, જેથી તેઓ પોતાનો નિર્ણય ત્યાં વધુ સારી રીતે લઈ શકે જ્યાં તેની સૌથી વધુ જરૂર હોય. આ કાર્યક્રમનું સંચાલન SITAICSના ડાયરેક્ટર ડૉ. ચંદ્રેશ પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું અને તેનું સંકલન SITAICS ના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી પૂજન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

નવ સત્રો અને છ કલાકના પ્રેક્ટિકલ લર્નિંગમાં વિસ્તરેલો આ કોર્સ ખાસ કરીને કાયદા અમલીકરણ અધિકારીઓ માટે તૈયાર કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે AI)ના પાયાના સિદ્ધાંતો, લાર્જ લેંગ્વેજ મોડલ (LLM) આર્કિટેક્ચર અને પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગને આવરી લેવામાં આવ્યા હતા — જેમાં અસરકારક પ્રોમ્પ્ટિંગના ચાર સ્તંભોઃ રોલ (ભૂમિકા), ટાસ્ક (કાર્ય), કોન્ટેક્સ્ટ (સંદર્ભ) અને આઉટપુટ ફોર્મેટ (પરિણામનું સ્વરૂપ) નો પરિચય આપવામાં આવ્યો હતો. સહભાગીઓએ ઓલામા (Ollama) અને એલએમ સ્ટુડિયો (LM Studio) જેવા ઓફલાઈન એઆઈ સાધનો વિશે પણ માહિતી મેળવી હતી, જે ગૂગલ એઆઈ એજ ગેલેરી (Google AI Edge Gallery) જેવી એપ્લિકેશનો સાથે ઈન્ટરનેટ કનેક્ટિવિટી વિના સુરક્ષિત એઆઈ ઉપયોગને સક્ષમ બનાવે છે.

# અમદાવાદ : AMCના દરોડામાં ખાદ્ય ચીજોના ૨૭ નમૂના ફેલ, ૩ એકમોને સીલ મારી દેવાયા

## હેલ્થ વિભાગના ફૂડ ડિપાર્ટમેન્ટે સઘન ચેકિંગ હાથ ધરીને ૧,૦૨૭ ખાદ્ય એકમોમાં તપાસ કરી હતી

અમદાવાદ,

શહેરમાં રહેતા અને બહારનું ખાવાના શોખીન લોકોએ હવે સતર્ક અને વધુ સાવચેત રહેવાની જરૂર છે કારણ કે, લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા અને અખાદ્ય ચીજો વેચતા વેપારીઓ સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના હેલ્થ વિભાગના ફૂડ ડિપાર્ટમેન્ટે સપાટો બોલાવ્યો છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬ (FSSA) અંતર્ગત શહેરના વિવિધ ઝોનમાં પહેલી જૂનથી ૧૫મી જૂન, ૨૦૨૬ દરમિયાન સઘન ચેકિંગ હાથ ધરીને ૧,૦૨૭ ખાદ્ય એકમોમાં તપાસ કરવામાં આવી છે, જેમાં અનેક ચોંકાવનારી વિગતો સામે આવી છે.

આ સમગ્ર મામલે મળતી માહિતી અનુસાર, કોર્પોરેશનની ટીમો દ્વારા સમગ્ર શહેરમાંથી જુદી-જુદી ખાદ્ય ચીજવસ્તુઓના કુલ ૪૦૯ કાયદેસરના નમૂનાઓ લેબ ટેસ્ટિંગ માટે લેવામાં આવ્યા હતા. જેમાં ઠંડાપીણા (જ્યુસ, લસ્સી, આઈસક્રીમ, શરબત, શિકંજી, બરફગોળા)ના ૧૬, શેરડીનો રસ, મેંગો મિલ્કશેક અને તરબૂચના રસના ૨૮, પનીર તથા દૂધ અને દૂધની બનાવટોના ૮૮, મીઠાઈના ૧૮, બેકરી પ્રોડક્ટ્સના ૧૧, નમકીનના ૪૫, બેસન, લોટ અને અનાજના ૧૮, ખાદ્ય તેલના ૧૨, મસાલાના ૫૪ તેમજ અન્ય ખાદ્યપદાર્થોના ૧૧૯ નમૂનાઓનો સમાવેશ થાય છે.

ચાલુ માસ દરમિયાન પ્રાપ્ત થયેલા પરીક્ષણ પરિણામોમાંથી કુલ ૨૭ નમૂનાઓ આરોગ્ય માટે હાનિકારક અને અપ્રમાણિત જાહેર થયા હતા. જેમાંથી ૨૬ નમૂનાઓ અપ્રમાણિત જાહેર થતાં સંબંધિત ફૂડ બિઝનેસ ઓપરેટરો સામે એડજ્યુડિકેટિંગ ઓફિસર સમક્ષ કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જ્યારે એક નમૂનો આરોગ્ય માટે હાનિકારક જાહેર થતાં સંબંધિત વેપારી સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬ હેઠળ નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવશે.

છસ્ઝ્ર દ્વારા ચેકિંગ દરમિયાન કુલ ૩૦૭ નોટિસો ઈસ્યૂ કરવામાં આવી હતી. ઉપરાંત અંદાજે ૨,૦૮૯ કિગ્રા/૬૬૫ લીટર બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થોનો નાશ કરવામાં આવ્યો હતો તથા ૫,૧૩,૫૦૦ રૂપિયાનો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત કુલ ૧૯૮ ટી.પી.સી ટેસ્ટ હાથ ધરવામાં આવ્યા હતા. દક્ષિણ ઝોનમાં મહાલક્ષ્મી તળાવ પાસે વટવા વિસ્તારમાં આવેલ "વીર આઝાદ કોલ્ડ્રીંક્સ ફ્રેશ જ્યુસ"માંથી લેવામાં આવેલ કાલાખટ્ટા શરબત (આઇસ ગોળા)નો નમૂનો અનસેફ જાહેર થયો હતો.

# અમરેલી જિલ્લામાં ૨૩-૨૪-૨૫ જૂન શાળા પ્રવેશોત્સવ યોજાશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ચતુર્વિધ કાર્યક્રમ યોજાયા

## શાળા પ્રવેશોત્સવ વિકસિત ભારતના શિક્ષિત નાગરિકના નિર્માણના પાયા તરીકે ઉજવવા જિલ્લા કલેક્ટરનો અનુરોધ

અમરેલીઃ સમગ્ર રાજ્ય સહિત અમરેલી જિલ્લામાં આગામી તા. ૨૩-૨૪-૨૫ જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે. સમગ્ર કાર્યક્રમની રૂપરેખાની જાહેરાત સાથે શિક્ષણ વિભાગના ત્રિવિધ કાર્યક્રમોની જાહેરાત કરવાના હેતુથી ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ગરીમામય વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સેવા સદન ખાતેથી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજ સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ જોડાયા હતા.

કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ પ્રેરક ઉદ્બોધન કર્યુ હતું. આ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં સમગ્ર રાજ્યની શાળાઓની ગુણવત્તાની ચકાસણી કાર્યક્રમ, નવી શિક્ષણ નીતિ રૂપરેખાની પુસ્તિકાનું વિમોચન અને નિપૂણ ગુજરાત અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ ત્રણ દિવસ દરમિયાન પ્રવર્તમાન સ્થિતિને અનુરૂપ ઊર્જા બચતના અભિગમ સાથે સામૂહિક વ્યવસ્થાઓ દ્વારા કાર્યક્રમ યોજાશે.




અમરેલી જિલ્લામાં રાજ્ય સરકાર વતી ઉપસ્થિત રહેનાર મંત્રીશ્રી ઉપરાંત જિલ્લા પ્રભારી સચિવશ્રી સંદિપ કુમાર અને અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ ત્રણ દિવસ દરમિયાન શાળામાં ધો.૧-૧૧માં નવી શિક્ષણ નીતિ અંતર્ગત વિવિધ આયામો અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવશે.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે જિલ્લાના અધિકારીશ્રીઓને શાળા પ્રવેશોત્સવને સરકારી કાર્યક્રમ તરીકે નહી પરંતુ વિકસિત ભારતના શિક્ષિત નાગરિકના નિર્માણના પાયા તરીકે ઉજવવા અનુરોધ કર્યો હતો. તેમણે અધિકારીશ્રીઓને વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે ચર્ચા કરી તેમના સર્વાંગી વિકાસ માટે જરૂરી પ્રોત્સાહન આપવા માટે જણાવ્યું હતું. વિકસિત ભારત ૨૦૪૭માં યોગદાન આપનારા આજના બાળકોને પ્રોત્સાહન આપી અને શિક્ષિત ગુજરાતના શિક્ષિત નાગરિકોને ઘડવા માટે પોતાનું યોગદાન આપવા માટે કલેક્ટરશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું.

અમરેલી જિલ્લામાં આ વર્ષે બાલવાટિકામાં ૧૦,૯૭૯, ધો. ૦૧માં ૧૨,૬૪૬ અને ધો. ૦૧માં બાલવાટિકા ઉપરાંતના ૪૧૨, ધો. ૦૬માં ૨૨,૦૮૮, ધો. ૦૯માં ૨૦,૮૭૬, ધો. ૧૬,૦૦૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. પ્રતિદિન એક અથવા ૦૨ પ્રાથમિક અને ૦૧ માધ્યમિક શાળામાં કાર્યક્રમ યોજાશે.આ બેઠકમાં અમરેલી જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં સમગ્ર શિક્ષા પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ માનદ વેતનથી થેરાપીસ્ટની આવશ્યકતા

અમરેલી:અમરેલી જિલ્લામાં સમગ્ર શિક્ષાના દિવ્યાંગ બાળકોના તમામ તાલુકા તેમજ કલસ્ટર કક્ષાના રિસોર્સ રૂમ પર માનદ વેતન પર કરાર આધારિત હંગામી ધોરણે થેરાપીસ્ટની આવશ્યકતા છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા થેરાપીસ્ટ અને દિવ્યાંગ ક્ષેત્રે કામ કરતી સંસ્થા અરજી કરી શકશે.

આવશ્યકતા મુજબ ફિજિયોથેરાપીસ્ટ જે ડિપ્લોમાં ઈન ફિજિયોથેરાપી, ડીબીટી અથવા બેચલર ઓફ ફિજિયોથેરાપીની શૈક્ષણિક લાયકાત, ઓડિયોલોજીસ્ટ અને સ્પીચ થેરાપીસ્ટ ડિપ્લોમાં ઈન હિયરીંગ લેંગ્વેજ એન્ડ સ્પીચ ડી.એચ.એલ.એસ અથવા બેચલર ઓફ સ્પીચ એન્ડ લેંગ્વેજ પેથોલોજી બી.એ.એસ.એલ.પી, સાઈકોલોજિસ્ટ – બેચલર ઓફ આર્ટ્સ ઈન ક્લિનીકલ સાઈકલોજી અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ક્લિનિકલ એન્ડ કોમ્યુનિકેશન સાઈકોલોજી, ઓક્યુપેશન થેરાપીસ્ટ- બેચલર ઓફ ઓક્યુપેશનલ થેરાપીસ્ટ બી.ઓટી અથવા બેચલર પ્રોસ્થસિસ એન્ડ ઓર્થોસીસ એન્જિ. પીએન્ડઓ એન્જિનિયરીંગની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે.

આ થેરાપીસ્ટને પ્રતિ વિઝિટ માનદ વેતન રૂ. ૧,૦૦૦ ચૂકવવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી સાથે જરૂરી અનુભવના દસ્તાવેજો અને પ્રમાણપત્રોની નકલ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૦૭ દિવસમાં રજિસ્ટર એ.ડીથી જિલ્લા પ્રોજેક્ટ કચેરી સમગ્ર શિક્ષા, રોયલ કોમ્પલેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી ખાતે પહોંચાડવાની રહેશે. સમય મર્યાદા બાદ આવેલી અરજીઓ સ્વીકારવામાં નહીં આવે તેમ જિલ્લા પોજેક્ટ કો-ઓર્ડિનેટરશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સમગ્ર શિક્ષાએ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યોજાશે 'ફ્રી સમર સ્કિલ વર્કશોપ-૨૦૨૬'

(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલીઃ

ધો. ૦૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા હોય તેવા અમરેલી જિલ્લાના ઉમેદવારોને રોજગારીલક્ષી માર્ગદર્શન મળી રહે અને તેમની ઉજજવળ કારકિર્દીના ઘડતર માટે જરૂરી કૌશલ્ય વિકાસના હેતુસર કૌશલ્ય વર્ધન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યોજાનાર આ તાલીમથી ઉમેદવારો વાકેફ થાય તેમજ તેઓને કારકિર્દી ઘડતર માટે વિશેષ માર્ગદર્શન મળી રહેશે. આગામી તા. ૨૨ જૂન અને તા.૨૩ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાક થી બપોરે ૦૩.૦૦ કલાક સુધી અમરેલી આઇ.ટી.આઇ. ખાતે "FREE SUMMER SKILL WORKSHOP ૨૦૨૬"નું આયોજન છે.જેમાં કમ્પ્યુટર, સીવણ, ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ, સિવિલ, હેલ્થ, કેમિકલ, બ્યુટી પાર્લર જેવા વિવિધ ગ્રુપની ૦૨ દિવસની પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને તે અંગેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આથી, ધો.૦૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા અને લાભ લેવા ઈચ્છતા તમામ ઉમેદવારોએ (૯૪૨૪૦ ૧૭૬૨૬) પર પોતાનું નામ લખી વ્હોટ્સ અપ મેસેજ કરી તા.૨૧ જૂન, ૨૦૨૬ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવી લેવું.

આ અંગેની વધુ વિગતો પણ આ નંબર પર સંપર્ક કર્યેથી મેળવી શકાશે, તેમ અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# રાજુલા આઈ.ટી.આઈ.ના ભરતી મેળામાં ૧૮૫ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી

## ૪૮ તાલીમાર્થીઓને રૂ. ૧૫,૦૦૦ થી ૨૨,૦૦૦ સુધીના માસિક પગાર સાથે રોજગારની તક પ્રાપ્ત થઈ

અમરેલી:અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) રાજુલાના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ રોજગાર ભરતી મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ભરતી મેળામાં વિવિધ અગ્રણી ઉદ્યોગો અને કંપનીઓએ ભાગ લઈ યુવાનોને રોજગારની ઉત્તમ તકો ઉપલબ્ધ કરાવી હતી.

ભરતી મેળામાં Quess Crop (ટાટા મોટર્સ), સાણંદ, સ્વાન ડીફેન્ડ એન્ડ હેવી ઈન્ડસ્ટ્રીઝ પીપાવાવ, CIE Automotive પ્રા.લિ., શાપર-વેરાવળ, AIM Ltd., ભાવનગર તેમજ LIC, રાજુલા સહિત કુલ ૬ પ્રતિષ્ઠિત કંપનીઓ જોડાઈ હતી. મેળામાં કુલ ૨૪૩ ઉમેદવારોએ હાજરી આપી હતી, જેમાંથી ૧૮૫ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.



ખાસ કરીને આઈ.ટી.આઈ. રાજુલામાં અભ્યાસ કરી રહેલા અને જુલાઈ-૨૦૨૬માં પાસઆઉટ થનારા ૪૮ તાલીમાર્થીઓને વિવિધ કંપનીઓમાં રૂ. ૧૫,૦૦૦થી રૂ. ૨૨,૦૦૦ સુધીના માસિક પગાર સાથે રોજગારની તક પ્રાપ્ત થઈ છે, જે સંસ્થાની તાલીમની ગુણવત્તા અને વિદ્યાર્થીઓની કૌશલ્ય ક્ષમતાનું પ્રતિબિંબ છે.

વર્તમાન સમયમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે ત્યારે વધુમાં વધુ વિદ્યાર્થીઓએ રોજગારલક્ષી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી કૌશલ્ય વિકાસ સાથે ઉજજવળ કારકિર્દીનું નિર્માણ કરવું જોઈએ. આ પ્રકારના ભરતી મેળાઓ યુવાનોને ઉદ્યોગજગત સાથે સીધા જોડવાની મહત્વપૂર્ણ કડી બની રહ્યા છે. તેમ આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રાજુલાએ એક યાદીમાં જણાવ્યું છે.

# મોટા સમઢીયાળાનું નામ બદલી 'ઓઢા બાપુનું સમઢીયાળા' કરવામાં આવ્યું

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામના સરપંચશ્રી, ગ્રામ પંચાયત કચેરી દ્વારા ગામનું નામ બદલી અને 'ઓઢા બાપુનું સમઢીયાળા' કરવા માટે માંગણી કરવામાં આવી હતી. આઝાદી પહેલા આ ગામનું નામ ગામના સ્થાપક અને રાજવી ઓઢા બાપુના સમઢીયાળા તરીકે ઓળખાતું હતું.

આ અંગે માંગણીના અનુસંધાને સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર દ્વારા તા.૧.૦૬.૨૦૨૬ના ઠરાવથી ખાંભા તાલુકાના મોટા સમઢીયાળાને 'ઓઢા બાપુનું સમઢીયાળા' તરીકે મંજૂરીઆપી છે અને જરૂરી રેકર્ડમાં સુધારો કરવા માટે જણાવ્યું હતું. જેથી ઉપરોક્ત ઠરાવની તારીખથી રેકર્ડમાં જરૂરી સુધારા કરી અને મોટા સમઢીયાળા 'ઓઢા બાપુનું સમઢીયાળા' તરીકે ઓળખાશે તેમ જિલ્લા કલેક્ટરશ્રીની એક યાદીમાં જણાવ્યું છે.

# ૫૦થી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને મિશ્રપાક પદ્ધતિ અંગે તાલીમ અપાઈ

## કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા સુડાવડ ગામે આયોજન; ટકાઉ કૃષિ માટે ખેડૂતોને માર્ગદર્શન

અમરેલીઃ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) સી. કે. ટીંબડિયાના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, અમરેલી દ્વારા સુડાવડ ગામ ખાતે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ લાવવા અને તેના વ્યાપક પ્રચાર-પ્રસારના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં ૫૦થી વધુ ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા.

કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ. પી. દેશમુખના માર્ગદર્શન હેઠળ તા. ૧૫ જૂન, ૨૦૨૬ના રોજ યોજાયેલી તાલીમમાં વરસાદ આધારિત ખેતીમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા માટેની વિવિધ પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અંગે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મિશ્રપાક




પદ્ધતિ અંગે નિદર્શન આધારિત તાલીમ પણ આપવામાં આવી હતી.

તાલીમમાં કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. કે. વી. મસાલીયા અને કુ. આર. એચ. વઘાસિયા તેમજ ખેતી અધિકારી શ્રી બી. એમ. મોદી અને કુ. યુ. એન. ડોડીયાએ પ્રાકૃતિક ખેતીના પાંચ મુખ્ય આધારસ્તંભો બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, વાપસા અને આચ્છાદન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ મિશ્રપાક પદ્ધતિ દ્વારા એક જ ખેતરમાં વિવિધ પાકોનું વૈજ્ઞાનિક આયોજન કરી જમીનની ફળદ્રુપતા જાળવવા, જીવાત અને રોગના ઉપદ્રવને ઘટાડવા તેમજ ખેડૂતોની આવકમાં વધારો કરવા અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. તાલીમમાં ઉપસ્થિત ખેડૂતો દ્વારા પ્રાકૃતિક ખેતી અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરી ભવિષ્યમાં આ પદ્ધતિ અપનાવવા માટે સકારાત્મક અભિગમ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર અને ખેડૂતોને ટકાઉ કૃષિ પદ્ધતિઓ તરફ પ્રેરિત કરવા માટે આ તાલીમ કાર્યક્રમ મહત્વપૂર્ણ સાબિત થયો હોવાનું આચાર્યશ્રી, કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી એ એક યાદીમાં જણાવ્યું છે.

# સાવરકુંડલામાં લેઉવા પટેલ સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાયો

## પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાની ઉપસ્થિતિમાં દાતાઓનું સન્માન કરાયું

અમરેલી:સાવરકુંડલા શહેર ખાતે લેઉવા પટેલ સમાજ દ્વારા દાતાઓ, સમાજના આગેવાનો, અગ્રણીઓ અને સૃષ્ટિઓના સન્માન સમારોહ તથા ભોજન સમારંભનું આયોજન કરવામાં



આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી લોકસભાના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન સમાજના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર દાતાઓ અને આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતુ. નારણભાઈ કાછડીયાએ ઉપસ્થિત સમાજજનોને સંબોધતા જણાવ્યું હતુ કે સમાજના વિકાસમાં દાતાઓ અને સેવાભાવી આગેવાનોનું યોગદાન મહત્વપૂર્ણ છે. તેમણે સમાજની એકતા, શિક્ષણ, સંસ્કાર અને સેવાભાવનાના મૂલ્યોને આગળ વધારવા માટે સૌએ સાથે મળીને કાર્ય કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.આ પ્રસંગે મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ, યુવાનો, વડીલો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. સન્માન સમારોહ બાદ સૌએ ભોજન સમારંભમાં સહભાગી થઈ સમાજની એકતા અને સૌહાર્દનો સંદેશ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# અમરેલીમાં બાળમજૂરી વિરોધી ઝુંબેશ અંતર્ગત ૬ તરુણ શ્રમયોગી મળી આવતા સંસ્થા સામે કાર્યવાહી

અમરેલીઃ અમરેલી જિલ્લામાં બાળ શ્રમયોગી પ્રથા નાબૂદી માટે જિલ્લા ટાસ્કફોર્સ સમિતિ દ્વારા બાળમજૂરી વિરોધી ઝુંબેશ અંતર્ગત તા. ૧૫ જૂન, ૨૦૨૬ના રોજ અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાં જિલ્લા ટાસ્કફોર્મ સમિતિ સાથે વિશેષ રેડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસની ઉજવણીના ભાગરૂપે હાથ ધરવામાં આવી હતી.

મદદનીશ શ્રમ આયુક્તશ્રીની કચેરી, અમરેલીના સંકલનમાં યોજાયેલી આ રેડમાં સરકારશ્રીના વિવિધ વિભાગોના અધિકારીઓ અને પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ટીમ દ્વારા અમરેલી શહેરમાં વિવિધ સંસ્થાઓ અને વ્યવસાયિક એકમોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યવાહીમાં સરકારી શ્રમ અધિકારીશ્રી, અમરેલી એમ.એચ.પરમાર, ડિસ્ટ્રીક્ટ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના સુ.શ્રી એન.એ.કુંડળીયા, જિલ્લા શોપ ઈન્સપેક્ટરશ્રી કે.એન.કાબરીયા, નગરપાલિકા અમરેલી, જિલ્લા શિક્ષણાધિકારશ્રીની કચેરીમાંથી એન.એમ.વરૂ, બાળ સુરક્ષા એકમ અમરેલી ખાતેથી સુ.શ્રી એમ,પી.રાઠોડની ટીમની સંયુક્ત કાર્યવાહીમાં ૧૨ જૂને વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ અંતર્ગત કાર્યવાહી કરી હતી.

તપાસ દરમિયાન લાઠી રોડ સ્થિત હોટલ રસથાળ ખાતે કુલ ૬ તરુણ શ્રમયોગીઓ કાયદેસર રીતે કામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, બાળ અને તરુણ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ની જોગવાઈઓના ભંગ અંગે સંસ્થા સામે નોટિસ પાઠવવામાં આવી છે તેમજ કાયદાકીય જોગવાઈઓ અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.જિલ્લા ટાસ્કફોર્સ સમિતિ દ્વારા બાળમજૂરી જેવી સામાજિક કુપ્રથાને નાબૂદ કરવા માટે સતત દેખરેખ અને સઘન તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેમ મદદનીશ શ્રમઆયુક્તશ્રી એમ.એચ.પરમાર અને સભ્ય સચિવશ્રી જિલ્લા ટાસ્કફોર્સ સમિતિ અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.






જીમાક/અમર/૧૧૧/૨૬

સૌરાષ્ટ્ર આસપાસ

# હોર્મુઝ સ્ટ્રેટનું ભવિષ્ય હવે ઈરાનના હાથમાં

ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામના કરાર પર હસ્તાક્ષર થયા બાદ હોર્મુઝ સ્ટ્રેટનું ભવિષ્ય ફરી એક વાર વૈશ્વિક રાજકારણ અને ઊર્જા સુરક્ષાના કેન્દ્રમાં આવી ગયું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ સમજૂતીને 'કાયમી મફત માર્ગ' ગણાવી છે, જ્યારે ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાકર ગાલિબાફે સ્પષ્ટ કર્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટ 'ક્યારેય યુદ્ધ પહેલાં જેવું નહીં રહે' અને ઈરાન જહાજો પાસેથી સેવા શુલ્ક વસૂલશે. આ વિરોધાભાસી નિવેદનો દર્શાવે છે કે આ ઐતિહાસિક સમજૂતી છતાં હોર્મુઝ સ્ટ્રેટના સંચાલન અને કાનૂની સ્થિતિને લઈને હજુ પણ ઊંડા મતભેદો છે.ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા એસ્માઈલ બઘાઈના જણાવ્યા મુજબ, ઈરાન 'ટ્રાંઝિટ ટોલ' નહીં પણ 'સેવા શુલ્ક' વસૂલવા માગે છે, જે સુરક્ષા, દરિયાઈ, પર્યાવરણીય અને વીમા સેવાઓના બદલામાં લેવામાં આવશે. આ શુલ્ક યુદ્ધ પૂર્વે અસ્તિત્વમાં નહોતા અને ૬૦ દિવસના મફત સંક્રમણ બાદ લાગુ કરવામાં આવશે. જોકે, અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા લાંબા ગાળા માટે આ સ્ટ્રેટ મફત રહેવાની અપેક્ષા રાખે છે. આ મતભેદો આ સમજૂતીના અમલીકરણમાં મોટો અવરોધ બની શકે છે, કારણ કે બંને પક્ષો પોતપોતાના હિતોને પ્રાથમિકતા આપી રહ્યા છે.આ મુદ્દાની સૌથી ગૂંચવણભરી બાબત એ છે કે શું ઈરાનનો 'ફી'નો દાવો આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદા હેઠળ કાનૂની છે? યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી (UNCLOS) અનુસાર, કુદરતી દરિયાઈ માર્ગમાંથી પસાર થવા માટે કોઈ દેશ ફી વસૂલી શકે નહીં. દરિયાઈ કાયદાના નિષ્ણાતો જેમ્સ આર. હોમ્સના મતે, 'આંતરરાષ્ટ્રીય કાયદામાં કોઈ જોગવાઈ નથી કે કોઈ દરિયાકાંઠાનો દેશ કુદરતી માર્ગમાંથી પસાર થવા માટે શુલ્ક વસૂલી શકે, પછી ભલે તેને ટોલ કહો કે ફી'. આનો અર્થ એ છે કે ઈરાનનો દાવો કાનૂની રીતે નબળો છે અને તેને વૈશ્વિક સમુદાયનો વિરોધ સહન કરવો પડી શકે છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન પહેલેથી જ આ મામલે 'આંતરરાષ્ટ્રીય કાયદા'નો ઉલ્લેખ કરી ચૂક્યા છે.આ ફીનો મુદ્દો માત્ર હોર્મુઝ સ્ટ્રેટ પૂરતો સીમિત નથી, પણ તે સમગ્ર વિશ્વના દરિયાઈ માર્ગો માટે એક ખતરનાક ઉદાહરણ બની શકે છે. જો ઈરાનને કુદરતી માર્ગમાં ફી વસૂલવાની મંજૂરી મળી જાય, તો અન્ય દેશો પણ આવા દાવા કરી શકે છે, જેમ કે ચીન દક્ષિણ ચીન સમુદ્રમાં અથવા મલેશિયા મલક્કા સ્ટ્રેટમાં. આ વૈશ્વિક વેપાર અને ઊર્જા પુરવઠા માટે ગંભીર પડકાર ઊભો કરી શકે છે. ઈરાની સ્પીકર ગાલિબાફે પોતાના નિવેદનમાં આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે 'અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટની શક્યતાને આપણા માટે વાસ્તવિક બનાવી છે', જે દર્શાવે છે કે ઈરાન આ તકનો લાભ ઉઠાવવા માગે છે.ગાલિબાફે અમેરિકા પ્રત્યેના અવિશ્વાસની પણ ખુલ્લેઆમ વાત કરી છે, જે ઈરાની નેતૃત્વની માનસિકતાને સમજાવે છે. તેમણે કહ્યું કે કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવે અને સુરક્ષા પરિષદ દ્વારા મંજૂર કરવામાં આવે, તોપણ અમેરિકા પર વિશ્વાસ કરી શકાય નહીં. આ વલણ ઈરાની દૃષ્ટિકોણથી સમજી શકાય તેવું છે, કારણ કે અમેરિકાએ ૨૦૧૮માં પોતાના દ્વારા જ કરાયેલા અણુ કરારમાંથી એકતરફી રીતે ખસી જવાનો ઇતિહાસ ધરાવે છે.

## " સંધ્યાના રંગોમાં સ્મૃતિઓની ગોઠડી "



ફ્રાઈડે ફોટો સ્ટોરી - ચિરાગસિંહ પરમાર

સંધ્યા ધીમે ધીમે પોતાના રંગો વિખેરી રહી હતી. આકાશ પર દિવસ અને રાત વચ્ચેનું એક સુંદર સાયુજ્ય રચાઈ રહ્યું હતું. તળાવના શાંત જળમાં સંધ્યાના અંતિમ રંગો ઝીલાઈ રહ્યા હતા, ત્યારે કિનારે બેઠેલા બે મિત્રો સમયને થોભાવી દે તેવી વાતોમાં ખોવાઈ ગયા હતા. વર્ષોના અનુભવો, જીવનની ખુશીઓ અને સંઘર્ષોની યાદો, કદાચ આજે ફરી એકવાર શબ્દોનું સ્વરૂપ લઈ રહી હતી. આસપાસનું વાતાવરણ નિર્જન હતું, છતાં તેમની વાતોની ગોઠડીમાં આખું જીવન ધબકી રહ્યું હતું. એક તરફ વૃક્ષોની નિર્જીવ લાગતી ડાળીઓ સમયના વહેણની સાક્ષી બની ઊભી હતી, તો બીજી તરફ મિત્રતાની ઉષ્મા એ નિર્જીવતામાં પણ જીવનનો અહેસાસ કરાવી રહી હતી. ઢળતી સંધ્યા જાણે કહેતી હતી કે દિવસ પૂરો થાય, ઋતુઓ બદલાય, વર્ષો વીતી જાય; પરંતુ સાચી મિત્રતા એવી જ રહે છે. હંમેશા શાંત, નિઃસ્વાર્થ અને સમયથી પર. રવેચીધામ તળાવની શાંતિ વચ્ચે બે મિત્રોની આ ગોઠડી માત્ર વાતો નહોતી, એ તો જીવનના સફરના સંભારણાંઓને ફરી એકવાર જીવવાની એક સુંદર ક્ષણ હતી.

# વજન ઘટાડવા કરાતાં ઈન્ટરમિટેંટ ફાસ્ટિંગના જોખમો સમજવા જરૂરી

કાયાને કામણગારી રાખવા કે પછી સ્વાસ્થ્યની કાળજી ખાતર વજનને અંકુશમાં રાખવા લોકો જે ઉપાય હાથ લાગે તે અજમાવવા લાગે છે. અને તેમાં કાંઈ ખોટું પણ નથી. વજન ઓછું હોય તો સુંદર દેખાવા સાથે ઘણી વ્યાધિઓથી પણ બચી જઈ શકાય. પરંતુ કોઈપણ ઉપાય અજમાવવાથી પહેલા તેનાથી થતાં નુકસાન અંગે જાણી લેવું પણ અત્યાવશ્યક છે.

છેલ્લા કેટલાક સમયથી શરૂ થયેલા ઈન્ટરમિટેંટ ફાસ્ટિંગના ટ્રેન્ડની જ વાત કરીએ તો તેનાથી પહોંચતી હાનિ વિશે બહુ ઓછા લોકો જાણે છે. તાજેતરમાં થયેલા એક અભ્યાસ અનુસાર ઈન્ટરમિટેંટ ફાસ્ટિંગ (આઈએફ)થી વજન ઘટાડવામાં ભલે મદદ મળે છે. પરંતુ તેના લાંબા સમયના જોખમો પણ અગવણી શકાય નહીં. 'ડાયાબિટિસ એન્ડ મેટાબોલિક સિન્ડ્રોમ



: ક્લિનિકલ રીસર્ચ એન્ડ રિવ્યુઝ'માં પ્રકાશિત કરવામાં આવેલા એક અભ્યાસમાં ૧૯,૦૦૦ અમેરિકનોના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ અભ્યાસમાં જણાવ્યું હતું કે ઈન્ટરમિટેંટ ફાસ્ટિંગમાં જે લોકો ૧૨ થી ૧૪ કલાક દરમિયાન ખાતાં હતાં તેમના કરતાં આખા દિવસમાં આઠ કલાકથી પણ ઓછા સમય દરમિયાન જ ખાતાં હતાં તેમનામાં હૃદયરોગથી થતાં મૃત્યુનું જોખમ ૧૩૫ ટકા જેટલું વધારે હતું.




સંશોધકોએ જણાવ્યું હતું કે ઉપવાસ પછી, એટલે કે લાંબા કલાકો સુધી ભૂખ્યા રહ્યા પછી લોકો મોટાભાગે જંક ફૂડ ખાય છે જેને પગલે લો-ડેંસિટી કોલેસ્ટરોલ વધવાની શક્યતા રહે છે. અને તે જ હૃદયરોગનું જોખમ ઊભું કરે છે.

ઈન્ટરમિટેંટ ફાસ્ટિંગ એટલે શું?

ઈન્ટરમિટેંટ ફાસ્ટિંગમાં રોજિંદા ખાવાના કલાકોને ચોક્કસ કલાક સુધી નિશ્ચિત કરવામાં આવે છે. જેમ કે કોઈક ૨૪ કલાકમાંથી ૧૬ કલાક સુધી ઉપવાસ કરે છે અને બાકીના આઠ કલાક દરમિયાન જ ખાય છે. આનો સીધો અર્થ એ થયો કે આ પધ્ધતિમાં ખાવા-પીવાની વસ્તુઓ નહીં, બલ્કે ખાવાના કલાકો નક્કી કરવામાં આવે છે. પરંતુ તેને કારણે જે તે વ્યક્તિના શરીરમાં પ્રોટીન, વિટામીન, ખનિજ તત્વો અને ઈલેકટ્રોલાઈટ્સની ઊણપ પેદા થઈ શકે છે.

# એર કૂલિંગ ટેકનોલોજીમાં આવે કોમ્પ્રેસર હવે ગેસની બાદબાકી

વૈશ્વિક તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે, અને એર કન્ડીશનીંગની જરૂરિયાત દિન-પ્રતિદિન વધી રહી છે. પણ પરંપરાગત એસી તેમના હાનિકારક ગેસ અને ઉચ્ચ વીજળી વપરાશને કારણે પર્યાવરણ માટે ગંભીર સમસ્યા બની ગયા છે. આ સમસ્યાનો ઉકેલ શોધવા માટે વૈજ્ઞાનિકો સોલિડ-સ્ટેટ કૂલિંગ ટેકનોલોજી પર કામ કરી રહ્યા છે. આ ટેકનોલોજી ગેસ, કોમ્પ્રેસર, અને હાનિકારક રસાયણો વિના ઠંડક પૂરી પાડે છે. તે માત્ર વીજળીની બચત જ નહીં, પણ પર્યાવરણને પણ સુરક્ષિત રાખશે. આ નિબંધમાં આપણે સોલિડ-સ્ટેટ કૂલિંગના સિદ્ધાંત, તેની કાર્યપદ્ધતિ, ફાયદા, મર્યાદાઓ, અને ભવિષ્યની સંભાવનાઓની ઊંડાણપૂર્વક ચર્ચા કરીશું.

## સોલિડ-સ્ટેટ કૂલિંગ: એસી ટેકનોલોજીનો ભવિષ્યકાળ, જ્યાં ગેસ અને કોમ્પ્રેસર વિના શિમલા જેવી ઠંડક મળશે

હાલમાં ઉપયોગમાં લેવાતા એર કન્ડીશનર્સ મુખ્યત્વે હાઈડ્રોફ્લોરોકાર્બન (ૐ્લ્ક્ષ) ગેસનો ઉપયોગ કરે છે. આ ગેસ કાર્બન ડાયોક્સાઈડ કરતાં અનેક ગણા વધુ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન કરે છે. નાનું લીકેજ પણ પર્યાવરણને ઘણું નુકસાન પહોંચાડે છે. વધુમાં, કોમ્પ્રેસરને ચલાવવા માટે ભારે વીજળીની જરૂર પડે છે, જેના કારણે વીજળીનો વપરાશ અને ખર્ચ બંને વધે છે. કોમ્પ્રેસરનો અવાજ પણ એક મોટી સમસ્યા છે, ખાસ કરીને રહેણાંક અને ઓફિસ વિસ્તારોમાં. આ તમામ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને, વૈજ્ઞાનિકો એવી ટેકનોલોજી શોધી રહ્યા છે જે આ ખામીઓને દૂર કરી શકે.સોલિડ-સ્ટેટ કૂલિંગ શું છે? તે જાણવું જરૂરી છે.સોલિડ-સ્ટેટ કૂલિંગ એ એક નવીન ટેકનોલોજી છે જે ઘન પદાર્થોના ભૌતિક ગુણધર્મોનો ઉપયોગ કરીને ઠંડક પૂરી પાડે છે. તેમાં કોઈ કોમ્પ્રેસર, કોઈ ગેસ, અને કોઈ રેફ્રિજન્ટનો ઉપયોગ થતો નથી. તેના બદલે, ચોક્કસ ઘન પદાર્થો પર ઈલેક્ટ્રિક ક્ષેત્ર, ચુંબકીય ક્ષેત્ર, અથવા યાંત્રિક દબાણ લાગુ કરવામાં આવે છે. આ દબાણને કારણે ઘન પદાર્થોના અણુઓની ગોઠવણીમાં ફેરફાર થાય છે, અને તેમનું તાપમાન ઘટી જાય છે. આ ઘટનાને 'કેલરી ઈફેક્ટ' કહેવામાં આવે છે. સ્પ્રિંગર નેચર જર્નલ અનુસાર, આ ટેકનોલોજી માત્ર ભૌતિક દબાણ દ્વારા તાપમાન બદલવાનું કામ કરે છે, જે તેને સંપૂર્ણપણે હાનિકારક અને પર્યાવરણ-મૈત્રીપૂર્ણ બનાવે છે.

સોલિડ-સ્ટેટ કૂલિંગ કેવી રીતે કાર્ય કરે છે? તેની વિગત હવે જાણીએ.આ ટેકનોલોજીની કાર્યપદ્ધતિ સમજવા માટે આપણે કેટલીક મૂળભૂત ભૌતિક અસરો સમજવી પડશે. જ્યારે કોઈ ઘન પદાર્થ પર દબાણ લાગુ પડે છે, ત્યારે તેના અણુઓ વચ્ચેનું અંતર અને તેમની ઊર્જા બદલાય છે. આ ફેરફારને કારણે પદાર્થ ગરમ અથવા ઠંડો થઈ શકે છે. ઉદાહરણ તરીકે, કેટલીક સામગ્રીઓ પર ચુંબકીય ક્ષેત્ર લાગુ કરવાથી તે ઠંડી થાય છે, જેને 'મેગ્નેટોકેલરી ઈફેક્ટ' કહેવાય છે. તેવી જ રીતે, ઈલેક્ટ્રિક ક્ષેત્ર લાગુ કરવાથી થતી ઠંડકને 'ઈલેક્ટ્રોકેલરી ઈફેક્ટ' કહેવાય છે. સોલિડ-સ્ટેટ કૂલિંગ આ અસરોનો ઉપયોગ કરે છે. જ્યારે દબાણ દૂર કરવામાં આવે છે, ત્યારે સામગ્રી પાછી સામાન્ય સ્થિતિમાં આવે છે, અને આ પ્રક્રિયા વારંવાર થઈ શકે છે. આમ, આ ટેકનોલોજી ગેસ કે પ્રવાહીના રૂપાંતરણ વિના સીધી ઠંડક પૂરી પાડે છે.

સોલિડ-સ્ટેટ કૂલિંગના ફાયદા અનેક છે સૌથી પહેલો ફાયદો પાવરની બચત થાય છે.

આ ટેકનોલોજીના અનેક ફાયદા છે, જે તેને ભવિષ્યની શ્રેષ્ઠ શક્યતા બનાવે છે. પ્રથમ, તેમાં કોઈ હાનિકારક ગેસનો ઉપયોગ ન થતો હોવાથી, તે પર્યાવરણ માટે સંપૂર્ણપણે સુરક્ષિત છે. ગેસ લીકેજની સમસ્યા સંપૂર્ણપણે સમાપ્ત થઈ જાય છે. બીજું, કોમ્પ્રેસર ન હોવાથી અવાજની સમસ્યા નથી, જે શહેરી વિસ્તારોમાં ખૂબ જરૂરી છે. ત્રીજું, આ ટેકનોલોજી વધુ ઊર્જા-કાર્યક્ષમ છે, કારણ કે તે ગેસને કોમ્પ્રેસ કરવા અને ઠંડુ કરવા માટે વધારાની ઊર્જાનો ઉપયોગ કરતી નથી. ચોથું, તેનો ૐ (કોએફિશિયન્ટ ઓફ પર્ફોર્મન્સ) ખૂબ ઊંચો હોઈ શકે છે, જેનો અર્થ છે કે તે ઓછી ઊર્જામાં વધુ ઠંડક પૂરી પાડે છે. પાંચમું, તેની ડિઝાઈન સરળ અને કોમ્પેક્ટ હોઈ શકે છે, જે તેને વિવિધ ઉપયોગો માટે અનુકૂળ બનાવે છે.

આ બધા ફાયદાઓ હોવા છતાં, સોલિડ-સ્ટેટ કૂલિંગ

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

હજુ સુધી બજારમાં પરંપરાગત એસીને બદલી શક્યું નથી. તેનાં કેટલાંક કારણો છે. સાયન્સ ડાયરેક્ટ અનુસાર, પ્રયોગશાળામાં આ ટેકનોલોજીનો ૐ ૧૦ સુધી માપવામાં આવ્યો છે, જે ઉત્તમ છે. પણ વાસ્તવિક ઉપયોગમાં તેનું પ્રદર્શન મર્યાદિત રહ્યું છે. આ ઘન પદાર્થોને વારંવાર દબાણ આપવાથી તેમની ટકાઉપણું અને સ્થાયીતા અંગે પ્રશ્નો ઉભા થાય છે. લાંબા ગાળાના ઉપયોગ પછી સામગ્રી તેની અસરકારકતા ગુમાવી શકે છે. ઉપરાંત, મોટા સ્થળોને ઠંડા કરવા માટે જરૂરી ઊર્જા અને કદ હજુ સુધી પ્રાપ્ત થયાં નથી. આ ટેકનોલોજી હાલમાં નાના સ્તરે, જેમ કે ઈલેક્ટ્રોનિક ઉપકરણોને ઠંડા કરવા માટે, વધુ યોગ્ય છે.ભવિષ્યની શક્યતાઓ અને સંશોધન આજની તારીખે ચાલુ જ છે ભવિષ્યમાં તેમાં ખૂબ પ્રગતિ થવાની શક્યતા છે.આ પડકારો હોવા છતાં, વૈજ્ઞાનિકો આ ટેકનોલોજી સાથે સતત પ્રયોગો કરી રહ્યા છે. તેઓ નવી સામગ્રીઓ શોધી રહ્યા છે જે વધુ ટકાઉ અને કાર્યક્ષમ હોય. એક મહત્વપૂર્ણ પગલું 'હાઈબ્રિડ સિસ્ટમ્સ' તરફ લેવામાં આવ્યું છે. આ સિસ્ટમોમાં પરંપરાગત એસીની હીટ એક્સચેન્જર ટેકનોલોજી સાથે સોલિડ-સ્ટેટ કૂલિંગનું સંયોજન કરવામાં આવે છે. હીટ એક્સચેન્જર્સ એ ટેકનોલોજી છે જે પરંપરાગત એસીમાંથી ગરમી દૂર કરે છે. આ સંયોજનથી બંને ટેકનોલોજીના ફાયદા મળી શકે છે, અને મર્યાદાઓ ઘટાડી શકાય છે. વૈજ્ઞાનિકો માને છે કે આવનારા દાયકાઓમાં આ ટેકનોલોજી પરિપક્વ થશે અને વ્યાપારી સ્તરે ઉપલબ્ધ બનશે. જેમ જેમ વૈશ્વિક તાપમાન વધશે, તેમ તેમ પર્યાવરણ-મૈત્રીપૂર્ણ ઠંડક ઉકેલોની માંગ પણ વધશે.પરંપરાગત એસી અને સોલિડ-સ્ટેટ કૂલિંગ વચ્ચે તુલના કરતાં, ઘણા મુદ્દાઓ સ્પષ્ટ થાય છે. પરંપરાગત એસી ગેસ અને કોમ્પ્રેસર પર આધારિત છે, જે ઊર્જા-બળતણ, અવાજ, અને પર્યાવરણીય નુકસાનનું કારણ બને છે. સોલિડ-સ્ટેટ ટેકનોલોજી આ ત્રણેય સમસ્યાઓનો ઉકેલ લાવે છે. પરંપરાગત એસીનો ૐ સામાન્ય રીતે ૩ થી ૫.૫ હોય છે, જ્યારે સોલિડ-સ્ટેટનો ૐ ૧૦ સુધી હોઈ શકે છે. આનો અર્થ એ કે સોલિડ-સ્ટેટ ટેકનોલોજી લગભગ બમણી કાર્યક્ષમ હોઈ શકે છે. જોકે, પરંપરાગત એસીની ટકાઉપણું અને મોટા સ્તરે ઠંડક આપવાની ક્ષમતા હજુ વધુ સારી છે. સોલિડ-સ્ટેટ હજુ તે સ્તરે પહોંચ્યું નથી. પણ જેમ જેમ સંશોધન આગળ વધશે, આ તફાવત ધીમે ધીમે ઘટતો જશે.આ ટેકનોલોજીની સૌથી મોટી અસર પર્યાવરણ પર પડશે. હાલમાં એસીમાં ઉપયોગમાં લેવાતા ૐ્લ્ક્ષ ગેસ વૈશ્વિક તાપમાન વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. કિગોટો પ્રોટોકોલ અને મોન્ટ્રિયલ પ્રોટોકોલે આ ગેસના ઉપયોગને ઘટાડવાનો આદેશ આપ્યો છે. સોલિડ-સ્ટેટ ટેકનોલોજી આ આદેશને સંપૂર્ણપણે પૂર્ણ કરે છે, કારણ કે તે કોઈ ગેસનો ઉપયોગ કરતી નથી. તે માત્ર કાર્બન ઉત્સર્જન ઘટાડશે નહીં, પણ ઊર્જા બચત દ્વારા કોલસા-આધારિત વીજળી ઉત્પાદનની જરૂરિયાત પણ ઘટાડશે. આ ટેકનોલોજી ગ્રીન બિલ્ડિંગ્સ, ટકાઉ શહેરો, અને સ્વચ્છ ભવિષ્યના નિર્માણમાં મોટો ફાળો આપી શકે છે.શરૂઆતમાં સોલિડ-સ્ટેટ કૂલિંગની કિંમત ઊંચી હોઈ શકે છે, કારણ કે તે અત્યાધુનિક સામગ્રી અને ઉત્પાદન પ્રક્રિયાઓ પર આધારિત છે. પણ લાંબા ગાળે, તેની ઊર્જા-કાર્યક્ષમતા અને ઓછા જાળવણી ખર્ચને કારણે તે ખૂબ સસ્તી સાબિત થઈ શકે છે. વધુમાં, સરકારો પર્યાવરણ-મૈત્રીપૂર્ણ ટેકનોલોજી માટે સબસિડી અને ટેક્સ પ્રોત્સાહનો આપી શકે છે, જે તેની કિંમત ઘટાડવામાં મદદ કરશે. એકવાર આ ટેકનોલોજી મોટા પાયે ઉત્પન્ન થવાનું શરૂ થશે, ત્યારે તેની કિંમતમાં ઘટાડો થશે અને તે સામાન્ય લોકો માટે પણ સુલભ બનશે. આ ટેકનોલોજી ઉર્જા ક્ષેત્રમાં એક નવો ઉદ્યોગ ઊભો કરશે, જેનાથી રોજગારી અને આર્થિક વિકાસને



પણ પ્રોત્સાહન મળશે.સોલિડ-સ્ટેટ કૂલિંગ ટેકનોલોજી એ માનવજાત માટે એક આશાસ્પદ ભેટ છે. તે આપણને એવા એસીનું વચન આપે છે જે ગેસ અને કોમ્પ્રેસર વિના શિમલા જેવો ઠંડો અહેસાસ આપશે, તે પણ પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના. હાલમાં તેની કેટલીક મર્યાદાઓ છે, પણ સતત સંશોધન અને વિકાસ સાથે, તે નજીકના ભવિષ્યમાં વાસ્તવિકતા બની શકે છે. આ ટેકનોલોજી માત્ર આપણા રહેણાંક અને વ્યાપારી સ્થળોને જ ઠંડા નહીં રાખે, પણ આપણા ગ્રહને પણ ઠંડો રાખવામાં મદદ કરશે. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં આ એક ક્રાંતિકારી પગલું છે, અને તેની સફળતા આપણા બધા માટે જરૂરી છે. જેમ જેમ આ ટેકનોલોજી પરિપક્વ થશે, તેમ તેમ આપણે ઠંડકની એક નવી સંસ્કૃતિ તરફ આગળ વધીશું, જ્યાં આરામ અને ટકાઉપણું સાથે ચાલશે.

# ગુર્નૂર બ્રારનું સતત બે વનડેમાં શાનદાર પ્રદર્શન પ્રથમ બે વનડેમાં ત્રણ વિકેટ લેવાની સિદ્ધિ

લખનૌ,

ભારતીય ક્રિકેટને ફાસ્ટ બોલરના રૂપમાં એક નવો સ્ટાર મળ્યો છે. અફઘાનિસ્તાન સામેની વનડે શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કરી રહેલા પંજાબના યુવા પેસર ગુર્નૂર બ્રારે એક એવો રેકોર્ડ બનાવ્યો છે જે પહેલા ફક્ત એક ભારતીય બોલરે હાંસલ કર્યો હતો. ૧૭ જૂને અફઘાનિસ્તાન સામેની બીજી વનડેમાં, ગુર્નૂરે ૧૦ ઓવર ફેંકી અને ૬૦ રન આપીને ૩ વિકેટ લીધી. આ પ્રદર્શન સાથે, તેણે પોતાની કારકિર્દીની પ્રથમ બે વનડેમાં ત્રણ વિકેટ લેવાની અનોખી સિદ્ધિ હાંસલ કરી.



૨૬ વર્ષીય ગુરનૂરે અફઘાનિસ્તાનની ઈનિંગ્સના આઠમા ઓવરમાં રહેમાનુલ્લાહ ગુરબાઝને આઉટ કરીને પોતાની પહેલી વિકેટ લીધી. ત્યારબાદ તેણે કેપ્ટન હશમતુલ્લાહ શાહિદીને બોલ્ડ કર્યો અને પછી ૪૦મી ઓવરના છેલ્લા બોલ પર મોહમ્મદ સલીમ સફીને આઉટ કરીને પોતાની ત્રીજી વિકેટ લીધી.


હકીકતમાં, ગુરનૂરે ૧૩ જૂન, ૨૦૨૬ ના રોજ અફઘાનિસ્તાન સામે પોતાનો વનડે ડેબ્યૂ કર્યો હતો. તેની પહેલી મેચમાં તેણે માત્ર ૪.૫ ઓવરમાં ૨૭ રન આપીને ૩ વિકેટ લીધી હતી. હવે, બીજી મેચમાં ત્રણ વિકેટ લઈને તેણે રેકોર્ડ બુકમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.

ગુરનૂર બ્રાર પોતાની પહેલી બે વનડેમાં ઓછામાં ઓછી ત્રણ વિકેટ લેનાર બીજા ભારતીય બોલર બન્યા છે. લેગ-સ્પિનર પીયૂષ ચાવલાએ અગાઉ આ સિદ્ધિ હાંસલ કરી હતી. ચાવલાએ ૨૦૦૭ માં બાંગ્લાદેશ સામેની પોતાની પહેલી વનડેમાં ત્રણ વિકેટ લીધી હતી અને આયર્લેન્ડ સામેની પોતાની બીજી મેચમાં ત્રણ બેટ્સમેનોને આઉટ પણ કર્યા હતા. જોકે,વનડે ડેબ્યૂમાં ભારતનો શ્રેષ્ઠ બોલિંગ ફિગર પ્રસિદ્ધ કૃષ્ણનો છે, જેમણે ૨૦૨૧ માં ઈંગ્લેન્ડ સામેની પોતાની પહેલી વનડે માં ૪/૫૪ લીધો હતો. જોકે, તે પછીની મેચમાં માત્ર બે વિકેટ જ મેળવી શક્યો. ભારતીય ક્રિકેટમાં અત્યાર સુધીમાં ૨૧ બોલરોએ વનડે ડેબ્યૂમાં ત્રણ કે તેથી વધુ વિકેટ લીધી છે.

# બાળપણથી જ હું અભિનેત્રી બનવાનું સ્વપ્ન જોતી હતી, અરીસામાં જોઈને અભિનય શીખી : આલિયા ભટ્ટ

મુંબઈ,

આલિયા ભટ્ટ હવે વિવિધ કારણોસર સમાચારમાં છે. યશ રાજ ફિલ્મ્સની સ્પાય-થ્રિલર "આલ્ફા" નું ટ્રેલર તાજેતરમાં રિલીઝ થયું છે, જેમાં આલિયા ભટ્ટ મુખ્ય ભૂમિકામાં છે, ત્યાં "કલ્કી ૨૮૯૮ એડી" ની સિક્વલમાં તેણીને કાસ્ટ કરવામાં આવશે તેવી પણ ચર્ચા છે. દરમિયાન, આલિયા ભટ્ટે ફિલ્મ ઉદ્યોગમાં તેની સફર વિશે વાત કરી. તેણીએ ખુલાસો કર્યો કે તેણી બાળપણથી જ અભિનેત્રી બનવાનું સ્વપ્ન જોતી હતી. આલિયાએ ખુલાસો કર્યો કે તેણીએ ફિલ્મોમાં પ્રવેશ્યા પહેલા જ અભિનય શરૂ કરી દીધો હતો. તે અરીસામાં જોઈને અભિનય અને અભિનય કરતી હતી.



અમૃત રત્ન સન્માન ૨૦૨૬ માં બોલતા, આલિયા ભટ્ટે ખુલાસો કર્યો કે જ્યારે તે નાની હતી, ત્યારે તે ગોવિંદા અને કરિશ્મા કપૂરના ગીતો જોતી હતી અને ઘણીવાર ફિલ્મો વિશે વિચારતી હતી. આલિયાએ સમજાવ્યું, "સાચું કહું તો, હું બાળપણથી જ અરીસા સામે અભિનય કરતી આવી છું... મારા મનમાં એક સ્વપ્ન હતું કે એક દિવસ હું તે ટીવી શોમાં આવવા માંગુ છું. મને નાનપણથી જ ખબર હતી કે હું અભિનય કરવા માંગુ છું અને કેમેરા સામે રહેવા માંગુ છું. હું બાળપણથી જ આ જ કરવા માંગુ છું."

આલિયા ભટ્ટ પ્રખ્યાત બોલિવૂડ દિગ્દર્શક મહેશ ભટ્ટ અને અભિનેત્રી સોની રાઝદાનની પુત્રી છે. તેણીએ ઉદ્યોગમાં તેને મળેલા વિશેષાધિકાર વિશે વાત કરી. તેણીએ કહ્યું, "ફિલ્મોમાં મારી સફર ખૂબ જ અલગ રહી છે. હું સ્વીકારું છું કે એક વિશેષાધિકૃત પૃષ્ઠભૂમિમાંથી આવી હોવાથી, આવી વાતો કહેવાનું સરળ છે. પરંતુ હું આ કહી રહી છું ભલે હું એક વિશેષાધિકૃત પૃષ્ઠભૂમિમાંથી આવું છું. પરંતુ ક્યારેક દરેકના ખરાબ દિવસો આવે છે. કોઈના પણ જીવનમાં એવા દિવસો આવે છે જ્યારે તમને સારું લાગતું નથી." અને આવા દિવસોમાં, તમે ફક્ત તમારી જાતને કહી શકો છો કે, 'મને સ્વપ્ન જોવાનો અધિકાર છે, અને મને મારી જાત પર વિશ્વાસ કરવાનો અધિકાર છે.'

# દીપ્તિ શર્માએ ૩૫૫ વિકેટ લઈને ઝુલન ગોસ્વામીના વિશ્વ રેકોર્ડની બરાબરી કરી

મુંબઈ,

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર ખેલાડી દીપ્તિ શર્માએ ઈતિહાસ રચ્યો છે. સ્ટાર ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં નેધરલેન્ડ્સ સામેની મેચ દરમિયાન એક સિદ્ધિ હાંસલ કરી, જેનાથી તેણી મહાન ઝુલન ગોસ્વામીની બરાબરી કરી.

લીડ્સમાં રમાયેલી ગ્રુપ છ મેચમાં, દીપ્તિએ ત્રણ ઓવરમાં ૨૬ રન આપીને એક વિકેટ લીધી. આ વિકેટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેની કુલ વિકેટ ૩૫૫ થઈ ગઈ, જે મહાન ભારતીય ફાસ્ટ બોલર ઝુલન ગોસ્વામીના રેકોર્ડની બરાબરી કરી. ઝુલન અને દીપ્તિ હવે મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલે સંયુક્ત ટોચના સ્થાને છે. બંને ખેલાડીઓએ ૩૫૫-૩૫૫ વિકેટ લીધી છે. આ યાદીમાં ઈંગ્લેન્ડની કેથરિન સાયવર-બ્રન્ટ, ઓસ્ટ્રેલિયાની એલિસ પેરી, ઈંગ્લેન્ડની સોફી



એક્લેસ્ટોન અને દક્ષિણ આફ્રિકાની શબનીમ ઈસ્માઈલનો પણ સમાવેશ થાય છે.

દીપતિની કારકિર્દી આંકડાકીય રીતે અસાધારણ રહી છે.વનડે ક્રિકેટમાં, તે ૧૨૪ મેચોમાં ૧૬૬ વિકેટ સાથે ભારતની બીજી સૌથી સફળ બોલર છે.ટી ૨૦ ક્રિકેટમાં, તેણીએ ૧૪૬ મેચોમાં ૧૬૭ વિકેટ લીધી છે, જે તેણીને માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વની સૌથી સફળ બોલરોમાંની એક બનાવે છે. તેણીએ ટેસ્ટ ક્રિકેટમાં પણ ૨૨ વિકેટ લીધી છે.

# ખતરોં કે ખિલાડી સીઝન - ૧૫ માં દરેક સ્ટંટ ૧૦૦ ટકા વાસ્તવિક હશે : રોહિત શેટ્ટી

મુંબઈ,

રોહિત શેટ્ટી અને તેમની ટીમ 'ખતરોં કે ખિલાડી ૧૫' ના રિલીઝ માટે પૂરજોશમાં તૈયારીઓ કરી રહી છે. પ્રીમિયર રિલીઝ તારીખ જાહેર કરતા પહેલા, શોના હોસ્ટે એક વિડીયો શેર કર્યો છે જે સ્ટંટ-આધારિત રિયાલિટી શોના શૂટિંગ દરમિયાન લેવામાં આવતી સલામતીની સાવચેતીઓનું સુંદર રીતે પ્રદર્શન કરે છે. વિડીયોમાં, રોહિતે સમજાવ્યું કે તે સ્ટંટ કરતી વખતે સલામતીના તમામ નિયમોનું પાલન કરે છે અને સ્પર્ધકોની સલામતીને ધ્યાનમાં રાખીને, કાર્ય પહેલાં સ્ટંટ સેટઅપ



અને વાહનોનું વ્યક્તિગત રીતે નિરીક્ષણ કરતો જોવા મળ્યો હતો.

રોહિત શેટ્ટીએ એક મજેદાર કેપ્શન સાથે વિડીયો અપલોડ કર્યો છે, "સ્ક્રીન પર રોમાંચ, પડદા પાછળ સલામતી... કોઈ કમ્પ્યુટર ગ્રાફિક્સ નહીં... કોઈ ખાસ હ્રુઠ નહીં... ફક્ત કાચો અને વાસ્તવિક સ્ટંટ... ખતરોં કે ખિલાડીની દુનિયામાં આપનું સ્વાગત છે." વિડીયોમાં, રોહિત સ્ટંટ કરતા પહેલા કારનું નજીકથી નિરીક્ષણ કરતો જોવા મળે છે. પછી તે એક સ્પર્ધકને ખાતરી આપે છે, "તમે સુરક્ષિત છો, સંપૂર્ણપણે સુરક્ષિત છો." આ ક્લિપમાં, હોસ્ટે સ્પર્ધકોને સલાહ આપી હતી કે નિષ્ણાત દેખરેખ વિના શોમાં દર્શાવવામાં આવેલા ખતરનાક સ્ટંટનો પ્રયાસ ન કરો.

તેમણે સ્પર્ધકોને સ્ટંટ કરતા પહેલા યોગ્ય રીતે ગરમ થવાની સલાહ પણ આપી અને સમજાવ્યું કે કાર ઉતરવાની અસર સૌથી વધુ ગરદન અને પીઠ પર પડશે, તેથી આ સમય દરમિયાન સાવધાની રાખવી જોઈએ. અવિનાશ મિશ્રા રોહિતની સૂચનાઓ ધ્યાનથી સાંભળતા જોવા મળે છે, ત્યારબાદ ફિલ્મ નિર્માતા તેમને સ્ટીયરિંગ વ્હીલને મજબૂતીથી પકડી રાખવા અને કાર્ય દરમિયાન કોઈ પણ હિલચાલ ન કરવાની સલાહ આપે છે. કોઈપણ કાર્યનો પ્રયાસ કરતા પહેલા તમામ સાવચેતી રાખવાના મહત્વ પર ભાર મૂકતા, રોહિત કહે છે:

આ જ વિડિઓમાં, રોહિત શેટ્ટી શોના એક સ્ટંટ નિષ્ણાતો સાથે કાર ઉતરાણની વિગતોની ચર્ચા કરતા જોવા મળે છે જેથી ખાતરી કરી શકાય કે બધું યોજના મુજબ ચાલી રહ્યું છે.

# સ્મૃતિ મંધાના પુરુષો - મહિલા ટી ૨૦ ક્રિકેટમાં ૬૦૦થી વધુ બાઉન્ડ્રી ફટકારનારી વિશ્વની પ્રથમ ક્રિકેટર

નવીદિલ્હી,

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ઉપ-કેપ્ટન સ્મૃતિ મંધાના સતત બેટથી ધમાલ મચાવી રહી છે. આ જ કારણ છે કે દરેક મેચમાં કોઈને કોઈ મોટો રેકોર્ડ બનતો અથવા તૂટતો જોવા મળે છે.આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ નેધરલેન્ડ્સ સામેની મેચમાં, મંધાનાએ એક એવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો જે પુરુષ કે મહિલા ક્રિકેટમાં કોઈ પણ બેટ્સમેન ક્યારેય હાંસલ કરી શક્યો નથી.

લીડ્સના હેડિંગ્લી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં, મંધાનાએ ૪૭ બોલમાં ૭૪ રનની શાનદાર ઈનિંગ રમી. તેની ઈનિંગમાં ૧૧ ચોગ્ગા અને એક છગ્ગાનો



સમાવેશ થતો હતો. આ ટુર્નામેન્ટમાં તેની સતત બીજી અડધી સદી પણ હતી. તેની શાનદાર ઈનિંગને કારણે, ભારતે ૨૦ ઓવરમાં ૨૦૯ રનનો વિશાળ સ્કોર બનાવ્યો અને ત્યારબાદ ૯૫ રનથી મેચ જીતી લીધી. મંધાનાને તેના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી. જોકે, ફક્ત તેની ઈનિંગ જ ચર્ચાનો વિષય ન હતી; તેની શાનદાર બેટિંગ દરમિયાન, મંધાનાએ ટી ૨૦ ક્રિકેટમાં ૬૦૦ થી વધુ બાઉન્ડ્રી ફટકારીને ઈતિહાસ રચ્યો. આ સાથે, તે પુરુષો અને મહિલા ટી ૨૦ ક્રિકેટમાં ૬૦૦ થી વધુ બાઉન્ડ્રી ફટકારનારી વિશ્વની પ્રથમ ક્રિકેટર બની.

સ્મૃતિ પાસે હવે ટી ૨૦ ક્રિકેટમાં કુલ ૬૦૪ બાઉન્ડ્રી છે. આ યાદીમાં ન્યુઝીલેન્ડની સુઝી બેટ્સ ૫૨૧ બાઉન્ડ્રી સાથે બીજા ક્રમે છે, જ્યારે શ્રીલંકાની ચમારી અથાપથુ ૪૯૩ બાઉન્ડ્રી સાથે ત્રીજા ક્રમે છે. પાકિસ્તાનનો બાબર આઝમ પુરુષોના ક્રિકેટમાં સૌથી વધુ બાઉન્ડ્રી મારનાર બેટ્સમેન છે, પરંતુ તે પણ મંધાનાથી પાછળ છે.

મંધાના માત્ર બાઉન્ડ્રી મારવામાં જ નહીં, પણ રન ફટકારવામાં પણ ટોચના બે ખેલાડીઓમાં સામેલ છે.

# અભિનેત્રી સામન્થાએ તમિલનાડુના મુખ્યમંત્રી વિજય સાથેની મુલાકાતનો એક ફોટો શેર કર્યો

મુંબઈ,

સમન્થા રૂથ પ્રભુ હાલમાં તેની આગામી ફિલ્મ માટે સમાચારમાં છે, જે ૧૯ જૂને રિલીઝ થવાની છે. અભિનેત્રી હાલમાં તેના પ્રમોશનમાં વ્યસ્ત છે. દરમિયાન, સમન્થા તેના ભૂતપૂર્વ સહ-અભિનેતા અને વર્તમાન તમિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજયને મળી. અભિનેત્રીએ તાજેતરમાં તેની ફિલ્મ "મા ઈન્તી બંગારામ" ના પ્રમોશન માટે ચેન્નાઈની મુલાકાત લીધી હતી. તેણી મુખ્યમંત્રી વિજય સાથે મળી અને મુલાકાતના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા. અભિનેત્રીએ વિજય માટે એક



સુંદર નોંધ પણ લખી.

સમંથા વિજયને મળવા આવી ત્યારે લાલ સાડીમાં એકદમ સુંદર દેખાતી હતી. ફોટા શેર કરતા, તેણીએ તેના ભૂતપૂર્વ સહ-અભિનેત્રીની પ્રશંસા કરતી એક લાંબી નોંધ લખી. તેણીની નોંધમાં, સામંથાએ લખ્યું, "આજે હું ચેન્નાઈ પહોંચી ત્યારે મને ખૂબ આનંદ થયો. હું આપણા મુખ્યમંત્રીને મળવા જઈ રહી હતી. હું હંમેશા માનતી હતી કે વિજય સર ફક્ત સ્ક્રીન પર હીરો બનવા માટે નહોતા. વિજયની ઉર્જા, તેમની હાજરી અને લોકો તેમને જે રીતે પ્રેમ કરે છે તે જોઈને, હું હંમેશા માનતી હતી કે તેઓ કંઈક મોટું કરવા માટે તૈયાર છે."

તેની પોસ્ટમાં, સામંથાએ વિજયની રાજકારણમાં પ્રવેશવાની હિંમતની વધુ પ્રશંસા કરી. અભિનેત્રી લખે છે, "મને સૌથી વધુ પ્રેરણા એ છે કે સંપૂર્ણપણે નવા ક્ષેત્રમાં પગ મૂકવા માટે હિંમતની જરૂર પડે છે, અને વિજય પાસે તે હિંમત છે. તમે જે કંઈ માસ્ટર કર્યું છે તેને પાછળ છોડીને અને નવો પડકાર સ્વીકારવા માટે હિંમતની જરૂર પડે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ર | વિ | ળ | આ | દ | બા | ગં | ચી | ર | ણ | લ | શિ |
| ણ | ચા | બં | ર | સ | ગ | ર | આ | ગં | હિ | ડો | વિ |
| કા | ર | વિ | ર | લી | દ | વા | સા | લા | ધ | જ્ઞા | ઔ |
| ર | ણા | વા | મ | ણ | બિ | ર | ક | ખ | ન | તી | લ |
| જ | ળો | અ | અ | ખ | બ | દ | દ | ર | ધ | બિ | એ |
| સ | બા | આ | ર | ઇ | ણે | મ | ઈ | શિ | કા | કુ | હા |
| ણ | ક્ષો | ઈ | ર | કા | પ્રા | લ | કા | ક્ષ | કુ | ર | ગ |
| વ | રી | બા | લા | સ | બા | શિ | ણ | ક | બં | ન | સા |
| બં | ણિ | ભ | ક | ભો | વિ | ળો | દ | ધ | સા | ગ | લ |
| બ | મા | જ્ઞા | બ | ઓ | ક | ર | મો | શિ | ડો | ક | સ |
| બ | હિ | સા | મા | લ | ભ | સ | ક્ષ | ભો | રો | કા | ધ |
| ર | ગં | એ | વિ | તી | સ | ણ | ગ | બૂ | આ | ગ | ચા |

શબ્દ શોધો

**મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ**

# આવતા વર્ષે આઈપીએલ વહેલી શરૂ થઈ શકે

**મેચની સંખ્યામાં કોઈ વધારો થશે નહીં**

મુંબઈ,

આઈપીએલની આ સિઝન થોડા દિવસ પહેલા જ સમાપ્ત થઈ ગઈ હતી. આવતા વર્ષની આઈપીએલ હજુ દૂર છે, પરંતુ બીસીસીઆઈએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. શેડ્યૂલ પછીથી જાહેર કરવામાં આવશે, પરંતુ કામચલાઉ તારીખો જાહેર કરવામાં આવી છે. એવી અપેક્ષા છે કે આગામી આઈપીએલ થોડી વહેલી શરૂ થશે, મેના મધ્યમાં સમાપ્ત થશે. વધુમાં, બીસીસીઆઈ આ સમયે મેચોની સંખ્યા વધારવાનો વિચાર કરી રહ્યું નથી.

આગામી વર્ષની આઈપીએલ ૧૦ માર્ચથી શરૂ થવાની ધારણા છે, અને ફાઈનલ મેચ ૧૫ મેના રોજ યોજાવાની છે. ઉત્તર ભારતમાં મેના અંતમાં ભારે ગરમી પડે છે, જેના કારણે ખેલાડીઓ માટે દિવસના મેચો પડકારજનક બને છે. આને ટાળવા માટે,બીસીસીઆઈ ટુર્નામેન્ટ થોડી વહેલી શરૂ કરવાનું આયોજન કરી રહ્યું છે.બીસીસીઆઈ સચિવ દેવજીત સૈકિયાએ આ માહિતી શેર કરી છે. સૈકિયાએ એમ પણ કહ્યું કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેલેન્ડર ખૂબ જ વ્યસ્ત છે, તેથી મેચોની સંખ્યા વધારવાનો હાલમાં વિચાર કરવામાં આવી રહ્યો નથી. આનો અર્થ એ થયો કે આવતા વર્ષે આઈપીએલમાં કુલ ફક્ત ૭૪ મેચો હશે, જે પછી ૯૪ મેચો થવાની સંભાવના છે.

આ વર્ષની આઈપીએલ ૨૯ માર્ચે શરૂ થઈ હતી, અને ફાઈનલ મેચ ૩૧ મેના રોજ રમાશે. દેવજીત સૈકિયા કહે છે કે ચોમાસા પહેલાની સીઝન ૧૫ મે પછી શરૂ થાય છે, અને આને ટાળવા માટે, ટુર્નામેન્ટ વહેલી સમાપ્ત કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે બીસીસીઆઈ આ બાબતે આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલ સાથે ચર્ચા કરી રહ્યું છે, અને ટૂંક સમયમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. આવતા વર્ષે આઈપીએલ મહત્વપૂર્ણ રહેશે, કારણ કે વિશ્વની સૌથી મોટી ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦ વર્ષ પૂર્ણ કરશે.

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમ વર્ષની શરૂઆતમાં ભારતનો પ્રવાસ કરશે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી હેઠળ પાંચ ટેસ્ટ મેચની શ્રેણી રમાશે. આ શ્રેણી ૨૧ જાન્યુઆરીથી શરૂ થશે. શ્રેણીની છેલ્લી ટેસ્ટ ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થશે, એટલે કે અંતિમ મેચ ૩ માર્ચે સમાપ્ત થશે.આઈપીએલ લગભગ આઠ દિવસ પછી શરૂ થશે. ટીમ ઈન્ડિયા ૩ માર્ચ પછી કોઈ આંતરરાષ્ટ્રીય મેચ રમવાનું નક્કી નથી.

# તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના ઐયર તનુજ મહાશબ્દેનો ભજન ગાતો વીડિયો સોશિયલ મીડિયા પર થયો વાયરલ

મુંબઈ,

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના ઐયર ભાઈ સોશિયલ મીડિયા પર પ્રભુત્વ જમાવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયો પછી અભિનેતા તનુજ મહાશબ્દે, જેને પ્રેમથી "ઐયર" તરીકે ઓળખવામાં આવે છે, તે હેડલાઈન્સમાં છે. વીડિયોમાં, તનુજ ધાર્મિક મંત્રો ગાતા અને ભજન ગાતા જોવા મળે છે. આ ક્લિપ હવે ઓનલાઈન વ્યાપકપણે ચર્ચામાં છે, ઘણા સોશિયલ મીડિયા યુઝર્સ અભિનેતાના વખાણ કરી રહ્યા છે, તેમને "તારક મહેતા" ના શ્રેષ્ઠ અભિનેતા પણ ગણાવી રહ્યા છે. "તારક મહેતા" માં અભિનય કરનાર ઐયર, ઈન્સ્ટાગ્રામ પર સતત આધ્યાત્મિક પોસ્ટ્સ શેર કરી રહ્યા છે, જે ભગવાનમાં તેમની ઊંડી શ્રદ્ધા દર્શાવે છે.



વીડિયોમાં, તનુજ મહાશબ્દે એક સંગીત વાદ્ય વગાડતા જોવા મળે છે, જે આધ્યાત્મિક મેળાવડામાં સંપૂર્ણપણે ડૂબી ગયો છે. આછા વાદળી રંગના ફૂલોના શર્ટ અને જીન્સ પહેરીને, તે ભક્તિમાં સંપૂર્ણપણે ડૂબેલા દેખાયા હતા. ક્લિપ શેર કરતા, એક યુઝરે તેને કેપ્શન આપ્યું, "તમારા મૂળને ક્યારેય ભૂલશો નહીં." અભિનેતાની પ્રશંસા કરતા, બીજા યુઝરે ટિપ્પણી કરી, "આ વ્યક્તિ ખૂબ જ કૂલ છે. મેં તેનો એક ઈન્ટરવ્યુ જોયો - તે ખૂબ જ નમ્ર અને સરસ વ્યક્તિ છે."

તનુજ મહાશબ્દે એક ટેલિવિઝન અભિનેતા, લેખક અને થિયેટર કલાકાર છે જે લોકપ્રિય સિટકોમ "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" માં વૈજ્ઞાનિક કૃષ્ણન સુબ્રમણ્યમ ઐયરની ભૂમિકા ભજવવા માટે જાણીતા છે.

# રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા સભાસદોના સંતાનોને શૈક્ષણિક પુરસ્કાર અને સ્કોલરશીપ અપાશે



## ફોર્મ વિતરણ દરેક શાખાઓમાં પરત આપવાની અંતિમ તા. ૧૮ જુલાઈ શૈક્ષણિક પુરસ્કાર માટે ધો. ૧૦ અને ધો. ૧૨ના એ-૧ અને એ-૨ ગ્રેડવાળા માન્ય

રાજકોટ, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા સભાસદોના સંતાનોને શૈક્ષણિક પુરસ્કાર અને સ્કોલરશીપ આપવામાં આવે છે અને આ વર્ષ માટેના ફોર્મનું વિતરણ કાર્ય શરૂ થયું હોવાનું અખબારી યાદીમાં જણાવાયું છે.

બેંકના ચેરમેન શ્રી દિનેશભાઈ પાઠકે જણાવ્યું હતું કે 'માર્ચ-૨૦૨૬માં લેવાયેલી ધો. ૧૦, ધો. ૧૨ની પરીક્ષામાં બેંકના શેર સભાસદોનાં સંતાનો કે સભાસદ, જેઓએ એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવેલા છે તેઓને શૈક્ષણિક પુરસ્કાર આપવામાં આવશે. આવી જ રીતે માર્ચ ૨૦૨૬માં લેવાયેલ ધો. ૧૨ની પરીક્ષામાં ઉર્તીણ થયેલા હોય, તેવા વિદ્યાર્થીઓ સ્ક લરશીપ (આર્થિક સહાય) યોજનાનો પણ લાભ મેળવી શકશે. તેમાં જનરલ કેટેગરીમાં એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવેલ વિદ્યાર્થીઓ અને આર્થિક રીતે પછાતની કેટેગરીમાં બી-૧ અને બી-૨ ગ્રેડ મેળવેલા વિદ્યાર્થીઓ પણ માન્ય ગણાશે. આર્થિક રીતે પછાતની કેટેગરીમાં, સરકારમાન્ય અધીકારીનાં આર્થિક રીતે પછાત હોવાના દાખલાની ઝેરોક્ષ જોડવાની રહેશે. આ યોજનાનો લાભ શેર સભાસદો મહત્તમ મેળવે તેવી હાર્દિક અપીલ કરવામાં આવી હતી.

સમગ્ર પ્રોજેક્ટે માટે બેંકના પ્રોજેક્ટ ચેરમેન સી.એ. શ્રી ભૌમિકભાઈ શાહ અને પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રી નવિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કામગીરી થઇ રહી છે. ફોર્મ રાજકોટ શહેરની અને બહારગામની તમામ શાખાઓથી મળે છે. ફોર્મમાં સંપુર્ણ વિગતો ભરી પરત આપવાની અંતિમ તા. ૧૮ જુલાઈ ૨૦૨૬ને શનિવાર છે. ફોર્મ માટેનો સમય સોમવારથી શનિવાર (બીજો - ચોથો શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) સવારના ૧૧ થી ૪નો છે. સંપુર્ણ વિગતો સાથે ફોર્મ બહારગામમાં જે તે શાખામાં અને રાજકોટ શહેરમાં ફક્ત્ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., હેડ ઓફિસ, અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય, સેક્રેટરી વિભાગ, ચોથો માળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ ખાતે પરત આપવાના રહેશે.

ઉલ્લેખનીય છે કે બેંક દ્વારા ૧૦ વર્ષથી ૧૮ વર્ષ સુધીના માયનોર બાળકોના બચત ખાતા ખોલી નિયત રકમનાં વ્યેવહાર સાથે સ્વ તંત્ર રીતે બેંકિંગ કરવાની સુવિધા આપવામાં આવે છે. તેમની જ સહીથી ચેક લખી શકાય છે. આમ, બાળકોમાં બાળપણ થી જ બેંક વ્ય વહાર સાથે બચતની ટેવ કેળવી શકાય છે. માયનોર બાળકોની પોતાની સહીથી ખાતામાં વ્યટવહાર થાય તેવી સુવિધા આપનાર ગુજરાતની સર્વ પ્રથમ સહકારી બેંક હોવાનું યાદીમાં જણાવાયું છે

# રાજકોટમાં પીવાનાં પાણીનું સંકટ ટળશે: આજી-૧માં સૌની યોજનાનાં નીરની આવક શરૂ



રાજકોટ, રાજકોટ જીલ્લામાં ચોમાસુ ઋતુમાં આજ સુધીમાં નોંધપાત્ર વરસાદ થયો નથી. આથી હવે જળાશયોની પરીસ્થિતિ પણ કટોકટીસભર બની છે. રાજકોટની જ વાત કરીએ તો આજી-૧ અને ન્યારી-૧માં માત્ર માસાંત સુધી જ ચાલે તેટલુ પાણી છે.

આજીમાં ૪૧ ટકા અને ન્યારી-૧માં માત્ર ૨૯ ટકા જેટલું જ પાણી બચ્યુ હોય રાજકોટમાં મ.ન.પા.એ ગત તા.૧૦નાં રોજ સિંચાઈ વિભાગ પાસે સૌની યોજનાનું કુલ ૮૦૦ એમસીએફટી પાણી માંગ્યુ હતુ અને આ ડિમાન્ડ અનુસંધાને સિંચાઈ વિભાગે પણ નર્મદા વિભાગ પાસે તાત્કાલીક પાણી છોડવાની મંજુરી માંગી હતી.

દરમ્યાન આઠ દિવસનાં અંતે આજે વ્હેલી સવારે ૫ વાગ્યાથી સિંચાઈ વિભાગે પાણી છોડવાનું શરૂ કરી દેતા હાલ રાજકોટમાં પીવાનું પાણીનું સંકટ ટળ્યુ છે. રાજકોટ સિંચાઈ વિભાગનાં ઈજનેરી સૂત્રોનાં જણાવ્યા મુજબ ગઈકાલે નર્મદા વિભાગે પાણી છોડવા મંજુરી આપી દેતા આજે વ્હેલી સવારે પાંચ વાગ્યાથી જ સૌપ્રથમ આજી-૧ ડેમમાં પ્રથમ તબકકાનું ૪૦૦ એમસીએફટી પાણી છોડવાનું શરૂ કરી દેવાયુ છે અને સપ્તાહ બાદ ફરી ન્યારી-૧ ડેમમાં નર્મદા નીર છોડવામાં આવશે.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જન કલ્યાણ શિબિર યોજાઈ

રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકા દ્વારા તા.૧૭-૦૬-૨૦૨૬ના રોજ ઈસ્ટ ઝોનમાં અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, પેડક રોડ ખાતે જન કલ્યાણ શિબિર યોજાઇ હતી. આવતીકાલે સેન્ટ્રલ ઝોનમાં વિનોદભાઈ શેઠ કોમ્યુનિટી હોલ, કોઠારીયા રોડ ખાતે જન કલ્યાણ શિબિર યોજાશે.

આજે યોજાયેલ કાર્યક્રમમાં મેયર ડો. નેહલ શુક્લ, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડો. હિરેનભાઈ ખીમાણીયા, શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણા ઉપસ્થિત રહ્યા હતા.



# રાજકોટ સિવિલની હોસ્પીટલમાં "ટોટલ એલ્બો રિપ્લેસમેન્ટ" સર્જરી સફળ

## હાથના સુપર સ્પેશિયાલિસ્ટ ડો.પલ્લવ મહેતાની આગેવાનીમાં ઓપરેશન સફળ

રાજકોટ, રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય (પી.ડી.યુ.) સિવિલ હોસ્પિટલએ સરકારી આરોગ્ય ક્ષેત્રમાં વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. પી.ડી.યુ. હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગમાં સૌરાષ્ટ્રની સરકારી આરોગ્ય સેવાઓના ઈતિહાસમાં પ્રથમ વખત અદ્યતન "ટોટલ એલ્બો રિપ્લેસમેન્ટ" સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી છે. આ જટિલ અને અત્યંત ટેકનિકલ સર્જરી હાથના સુપર સ્પેશિયાલિસ્ટ ડો.પલ્લવ મહેતા તથા તેમની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.રાજકોટની પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ છેલ્લા કેટલાક વર્ષોથી આધુનિક આરોગ્ય સેવાઓ, નિષ્ણાત તબીબો અને અદ્યતન સારવાર પદ્ધતિઓના કારણે સમગ્ર સૌરાષ્ટ્ર માટે આશાનું કેન્દ્ર બની છે. હોસ્પિટલમાં ટ્રોમા કેર, ન્યુરો સર્જરી, યુરોલોજી, પ્લાસ્ટિક સર્જરી, ઓર્થોપિડિક્સ, કાર્ડિયાક કેર સહિતની સુપર સ્પેશિયાલિટી સેવાઓ ઉપલબ્ધ બનતા હજારો દર્દીઓને પોતાના વિસ્તારમાં જ ઉચ્ચ કક્ષાની સારવાર મળી રહી છે. આ નવી સિદ્ધિ હોસ્પિટલની પ્રતિષ્ઠામાં વધુ એક સોનેરી પીછું ઉમેરે છે.પી.ડી.યુ. મેડિકલ કોલેજના ડીન ડો. ભારતી કે. પટેલ, સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. મોનાલી માકડિયા અને ઓર્થોપિડિક વિભાગના વડા ડો. શૈલેષ રામાવતના માર્ગદર્શન હેઠળ આ સર્જરી હાથ ધરવામાં આવી હતી.



દર્દીએ લગભગ અઢી મહિના અગાઉ અન્યત્ર સર્જરી કરાવી હોવા છતાં સતત અસહ્ય દુઃખાવો, કોણીની ગતિમાં ગંભીર મર્યાદા અને દૈનિક જીવનની સામાન્ય પ્રવૃત્તિઓ કરવામાં મુશ્કેલી અનુભવતા હતા. ત્યારબાદ તેઓ વધુ સારવાર માટે પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. દર્દીની વિગતવાર ક્લિનિકલ તપાસ, એક્સ-રે અને અન્ય રેડિયોલોજિકલ મૂલ્યાંકન બાદ ડો. પલ્લવ મહેતાએ દર્દીની સ્થિતિનું ચોક્કસ નિદાન કર્યું હતું. અગાઉની સર્જરીના કારણે કોણીના સાંધામાં ગંભીર ફેરફારો સર્જાયા હતા તેમજ હાથની કાર્યક્ષમતા નોંધપાત્ર રીતે ઘટી ગઈ હતી.જેના કારણે ટોટલ એલ્બો રિપ્લેસમેન્ટ જેવી ઉચ્ચ કક્ષાની અને જટિલ સર્જરી જ એકમાત્ર અસરકારક વિકલ્પ બની હતી.ડો. પલ્લવ મહેતા અને તેમની ટીમે અત્યાધુનિક સર્જિકલ ટેકનિક્સ તથા આધુનિક ઈમ્પ્લાન્ટ્સનો ઉપયોગ કરીને સફળતાપૂર્વક સર્જરી પૂર્ણ કરી હતી. સર્જરી બાદ દર્દીને દુખાવામાં નોંધપાત્ર રાહત મળી છે અને કોણીની ગતિશીલતા તેમજ હાથની કાર્યક્ષમતામાં પણ સુધારો જોવા મળવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.હાલ દર્દી તબીબી દેખરેખ હેઠળ સંતોષકારક રીતે સ્વસ્થ થઈ રહ્યા છે. આ પ્રસંગે ડો. પલ્લવ મહેતાએ જણાવ્યું હતું કે યોગ્ય નિદાન, સુનિયોજિત આયોજન અને આધુનિક સર્જિકલ પદ્ધતિઓના ઉપયોગથી અત્યંત જટિલ કેસોમાં પણ ઉત્તમ પરિણામો મેળવી શકાય છે. પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને વિશ્વસ્તરીય ઓર્થોપેડિક સારવાર ઉપલબ્ધ કરાવવા માટે સમગ્ર ટીમ સતત પ્રયત્નશીલ છે.

# રાજકોટ શાક માર્કેટના થડાના ભાડામાં કમરતોડ વધારો થતાં ધંધાર્થીઓમાં નારાજગી

## રોજે રોજનું કમાયને ખાતા શાકભાજીના ધંધાર્થીઓ માટે આ મોટો ફટકો : ઉગ્ર રોષ



રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકા સંચાલિત શાકમાર્કેટમાં થડાના ભાવમાં કરાયેલા તોતીંગ વધારા સામે નાના ધંધાર્થીઓમાં દેકારો બોલી ગયો છે. રોજે રોજનું કમાયને ખાતા શાકભાજીના ધંધાર્થીઓ માટે આ મોટો આર્થિક બોજ છે તેવી હૈયાવરાળ સાથે જ્યુબિલી શાકમાર્કેટ વિભાગ ૧ અને ૨, ગોવિંદબાગ, હુડકો સહિત પાંચ મોટી શાકમાર્કેટના થડાધારકો મેયર અને સ્ટેન્ડીંગ ચેરમેનને આવેદન આપીને ભાડા વધારો પાછો ખેંચવા રજૂઆત કરી હતી.

રાજકોટ શાક માર્કેટ વેપારી મંડળે આજે મહાનગરપાલિકા કચેરીએ ધસી આવીને મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામગીરી વગર જ સફાઈ ચાર્જમાં રૂ.૫૯૦નો વધારો કરીને રૂ. ૧૧૮૦ કરી દેવાતાં અને એક સાથે બાકી રકમ ભરવા દબાણ કરવામાં આવતું હોવાની રજૂઆત મેયર ડો.નેહલ શુકલ અને સ્ટેન્ડિંગ ચેરમેન પરેશભાઇ પીપળીયાને આવેદનપત્ર આપીને કરવામાં આવી હતી. રાજકોટની મુખ્ય પાંચ શાક માર્કેટ ભોજાભગત, જ્યુબીલી ભાગ-૧ અને ૨, ગોવિંદબાગ અને હુડકો શાક માર્કેટમાં કુલ ૭૨૬ થડા ધરાવતાં વેપારીઓએ શાક માર્કેટ વેપારી મંડળના નેજા હેઠળ રજુઆત કરી હતી કે, મહાનગરપાલિકા દ્વારા એપ્રિલ ૨૦૨૫થી અમલી બનાવવામાં આવેલા રૂ.૫૯૦ના વધારા સાથે થડાદીઠ રૂ.૧૧૮૦નો સફાઇ ચાર્જ એક સાથે વસુલવા માટે કરવામા આવેલો આદેશ અન્યાયી છે.

આ સફાઇ કરમાં વધારા અંગેનો નિયમ ૨૦૨૫માં અમલમાં આવી ગયા છતાં તેની જાણકારી જાન્યુઆરી-૨૦૨૬માં આપવામાં આવી છે. આ માટે કોઇ પુર્વ જાણકારી કે પુર્વ નોટિસ વગર જ એક સાથે બાકી રકમ ભરવા વહિવટીતંત્ર દ્વારા દબાણ કરવામાં આવી રહ્યું છે.

શહેરની મોટાભાગની માર્કેટોમાં સમારકામ કે રિનોવેશનની જરૂરિયાત છે. અને આ માટેની ગ્રાન્ટ મંજૂર થઇ ગયા છતાં ગ્રાઉન્ડ લેવલે કામગીરી કરવામા આવી નથી. આ ઉપરાંત માર્કેટ આસપાસ વધતાં જતાં ફેરીયાઓના ગેરકાયદે દબાણો અને પ્રોપર ઝોન વાઈઝ નીતિના અભાવે કાયદેસરના થડા ધારકોનો રોજગાર ચોપટ થઇ ગયો છે. ત્યારે સફાઇ ચાર્જમાં કરાયેલો વધારો તુરંત પાછો ખેંચવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી.

# રવિવારે રાજકોટ મનપા દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી

## રેસકોર્સ ક્રિકેટ ગ્રાઉન્ડ અને સ્નાનાગારમાં કાર્યક્રમ: ભાગ લેનારાને સર્ટિફીકેટ મળશે

રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકા દ્વારા તા.૨૧મી જૂન, ના રોજ વિશ્વ યોગ દિવસની શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્સ તેમજ શ્રી લોકમાન્ય તિલક સ્નાનાગાર, રેસકોર્સ (ફક્ત મહિલાઓ માટે) ખાતે સવારે ૦૬:૦૦ કલાકે ઉજવણી કરવામાં આવશે.

આ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેવા ઈચ્છુક નાગરિકો કોર્પો.ની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરી શકશે. યોગ કાર્યક્રમમાં ભાગ લેનાર લોકો સ્થળ ઉપર રાખવામાં આવનાર ચછ ઈજ્ઞમય સ્કેન કરી ડિજિટલ સર્ટિફિકેટ મેળવી શકશે.

આ આયોજન અનુસંધાને મેયર ડો. નેહલ શુક્લના અધ્યક્ષ સ્થાને સ્ટે. ચેરમેન પરેશભાઈ પીપળીયા, કમિશનર તુષાર સુમેરા, કોર્પોરેટર અનિલભાઈ ચૌહાણ અને મહેશભાઈ પીપળીયા તથા કમિશનર સમીર ધડુકની ઉપસ્થિતિમાં અધિકારીઓ, વિવિધ સામાજિક સંસ્થા, યોગ સંસ્થાના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ બાબતો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.



યોગ અપનાવવાથી વ્યક્તિની દિનચર્યા અને જીવનશૈલીમાં પણ સકારાત્મક બદલાવ આવે છે. નિયમિત યોગ કરવાથી સ્વસ્થ આહાર અપનાવવાની પ્રેરણા મળે છે અને ખરાબ ટેવોથી દૂર રહેવામાં મદદ મળે છે. તે સ્વ-શિસ્ત અને નિયમિતતા કેળવવામાં મદદ કરે છે, જે જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી સાબિત થાય છે. ટૂંકમાં, યોગ એ એક એવી પ્રથા છે જે વ્યક્તિના શારીરિક, માનસિક અને આત્મિક સ્વાસ્થ્યને સુધારીને એક સંતુલિત અને સુખી જીવન જીવવામાં મદદ કરે છે.રવિવાર વિશ્વ યોગ દિવસ નિમિતે મનપા દ્વારા ગુજરાત યોગ બોર્ડના સહયોગ સાથે આયોજિત કાર્યક્રમમાં જોડાવા નગરજનોને મેયર ડો.નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા ડો.હિરેનભાઈ ખીમાણિયા તથા શાસક પક્ષના દંડક સંજયસિંહ રાણા દ્વારા ખાસ અપીલ અને અનુરોધ કરવામાં આવ્યા છે.

# રાજકોટ સુજોક થેરાપીની રાજ્ય કક્ષાની પરિષદ યોજાઈ



રાજકોટ, સુજોક થેરાપીની માતૃસંસ્થા ઈન્ટરનેશનલ સુજોક એસોસિએશન દ્વારા આ પધ્ધતિને લોકો સુધી પહોંચાડવા સતત પ્રયાસો થઈ રહ્યા છે. આવા જ એક પ્રયાસના ભાગરૂપે રાજકોટમાં આ થેરાપીની રાજ્ય કક્ષાની પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૫૦ જેટલા નિષ્ણાતોએ ભાગ લીધો હતો. આ વખતની પરિષદમાં સ્ત્રી રોગ નો વિષય રાખવામાં આવ્યો હતો. જેના પર વ્યાખ્યાનો, કેસ પ્રેઝન્ટેશન, સારવાર તેમજ પ્રશ્નોત્તારી જેવા સત્ર રાખવામાં આવ્યા હતાં.

# રાજકોટના વકીલોએ બે જજોની કોર્ટનો કર્યો બહિષ્કાર : બાર એસો.ના જનરલ બોર્ડમાં ઠરાવ

રાજકોટ, રાજકોટના વકીલોએ એક મહિલા જજ સહિત બે જજોની કોર્ટનો બહિષ્કાર કર્યો છે. બાર એસો.ના જનરલ બોર્ડમાં આ અંગે ઠરાવ કરાયો છે. રાજકોટ બાર એશોસીએશનની જનરલ બોર્ડ ની મીટીંગ આજે તારીખ-૧૮/૦૬/૨૦૨૬ ના રોજ મળેલ હતી.

જેમાં સર્વાનુમતે ઠરાવ કરાયો હતો કે, બે જજો વિરૂધ્ધ લેખીત તેમજ મૌખીક ફરીયાદો મળેલ તે સબંધે રાજકોટના પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ જજને અગાઉ વકીલઓ તેમજ રાજકોટ બાર એશો.ના હોદેદારોએ પ્રશ્નોના નીવારણ અંગે રજુઆત કરેલ આમ છતા વકીલોના પ્રશ્નોનું નીરાકરણ આવેલ નહી.

તેમજ આ બન્ને જજો તેઓની કાર્ય પધ્ધતી તેમજ વાણી, વર્તન અને વ્યવહારમાં કોઈ ફેરફાર કરેલ નહીં. જેથી વકીલોએ રાજકોટ બાર એશો.ને આ બન્ને જજો વિરૂધ્ધ યોગ્ય કાર્યવાહી કરવા તેમજ આ બન્ને કોર્ટનો બહીષ્કાર કરવા અંગે રાજકોટ બાર એસો.ને રજુઆત કરેલ.

ઉપરોકત બાબતે રાજકોટ બાર એસો.નું આજરોજ જનરલ બોર્ડની મીટીંગ બોલાવવામાં આવેલ. આ જનરલ બોર્ડની મીટીંગમાં હાજર તમામ સિનિયર તથા જુનિયર વકીલોની રજુઆત ધ્યાને લઈ તમામ વકીલોની સર્વ સંમતીથી અને સર્વાનુમતે જેના વિરુદ્ધ રજુઆત થઈ તે ને જજોની કોર્ટમાં વકીલોના તમામ પ્રશ્નોનું નીરાકરણ ન આવે ત્યાં સુધી અચોકકસ મુદત માટે બંન્ને કોર્ટોનો બહીષ્કાર કરવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે.

# 'તેરા તુજકો અર્પણ' રાજકોટમાં પોલીસે ગુમ-ચોરી થયેલા ૩૨ મોબાઈલ ફોન માલિકોને પરત કર્યા

રાજકોટ,રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી (ક્રાઇમ) જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ શહેરમાંથી ગુમ થયેલા કે ચોરી થયેલા મોબાઈલ ફોન શોધી કાઢી તેના મૂળ માલિકોને પરત અપાવવા માટે એક ખાસ ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમે ટેકનિકલ સોર્સ અને ભારત સરકારના પોર્ટલની મદદથી સતત મોનિટરિંગ કર્યું હતું. ટ્રેકિંગ સિસ્ટમનો ઉપયોગ કરી ગુમ થયેલા કે ચોરાયેલા મોબાઈલ ફોન શોધી કાઢવામાં સફળતા મળી હતી.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે જૂન મહિનાની શરૂઆતમાં તા.૦૧/૦૬/૨૦૨૬ થી ૧૫/૦૬/૨૦૨૬ સુધીના માત્ર ૧૫ દિવસના ટૂંકા ગાળામાં જ સખત મહેનત કરીને કુલ ૩૨ કિંમતી મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. આ તમામ મોબાઈલ ફોનની અંદાજિત કિંમત રૂ.૬,૧૭,૫૦૦ છે.

આ રિકવર કરાયેલા મુદ્દામાલને તેના સાચા માલિકો સુધી પહોંચાડવા માટે ડી.સી.બી. પોલીસ સ્ટેશન દ્વારા ખાસ "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૩૨ લાભાર્થીઓને તેમના ગુમ થયેલા ફોન પરત સોંપવામાં આવ્યા હતા. પોતાનો કિંમતી ફોન અને ડેટા સુરક્ષિત પાછો મળતા નાગરિકોએ રાજકોટ પોલીસનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.આ સફળ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચન એ.એસ.આઈ. ભુપતભાઈ કે. દેસાઈ, કોન્સ્ટેબલ નઝમાબેન એમ. સુમરા સહિતના સ્ટાફે કરી હતી.

# દિલ્હીમાં મહિલાઓની સુરક્ષા માટે નવી માર્ગદર્શિકા જાહેર

## દિલ્હી LG એ મહિલાઓની સુરક્ષા માટે સુધારાનો આદેશ આપ્યો: ડીટીસી બસોમાં મહિલા પોલીસ તેમજ શાળાઓમાં પોકસો પોલીસીનું કડક પાલન

નવી દિલ્હી,

૩ જૂનના રોજ યોજાયેલી બેઠકમાં ડીટીસી બસોમાં મહિલા મુસાફરોની સલામતી વધારવાના તેમના નિર્દેશોને અનુસરીને, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર તરનજીત સિંહ સંધુએ મંગળવારે દિલ્હી પોલીસ કમિશનર અને સચિવ (પરિવહન) સાથે પ્રગતિની સમીક્ષા કરી. તેમને જાણ કરવામાં આવી હતી કે ડીટીસી દ્વારા વધુ મહિલા મુસાફરો ધરાવતા સંવેદનશીલ રૂટ ઓળખવાની પ્રારંભિક કવાયત હાથ ધરવામાં આવી છે અને દિલ્હી પોલીસને આ રૂટ પર દોડતી મહિલા સ્પેશિયલ બસોમાં, ખાસ કરીને સવાર અને સાંજના સમયે, મહિલા પોલીસ કર્મચારીઓને તૈનાત કરવા વિનંતી કરવામાં આવી છે. પોલીસ કમિશનરે ઉપરાજ્યપાલને માહિતી આપી હતી કે, દિલ્હી પોલીસ જરૂરી મહિલા કર્મચારીઓ પૂરા પાડશે, પરંતુ પોલીસ કર્મચારીઓને મદદ કરવા માટે મહિલા હોમગાર્ડ માર્શલોને પણ તૈનાત કરી શકાય છે.

મહિલા સુરક્ષાને ખૂબ જ ગંભીરતાથી લેતા, ઉપરાજ્યપાલે અધિકારીઓને કડક નિર્દેશો જારી કર્યા હતા, જેમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું કે કોઈપણ કિંમતે મહિલાઓની સલામતી સાથે સમાધાન ન કરવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સુરક્ષિત વાતાવરણ બનાવવા માટે શૂન્ય -સહિષ્ણુતાનો અભિગમઅમદાવાદમાં NEETની તૈયારી કરતા વિદ્યાર્થીનો પરીક્ષાના ૩ દિવસ પહેલા જ આપઘાત મહિલાઓ માટે બનાવાયેલ બસોમાં મજબૂત સુરક્ષા સુનિશ્ચિત કરવા અને બેકાબૂ તત્વોને મહિલાઓ માટે બનાવાયેલ બસોમાં ચઢતા અટકાવવા અથવા બસોમાં ચઢતી કે ઉતરતી વખતે મહિલાઓની છેડતી કરતા અટકાવવા માટે, આ મહિલા પોલીસ કર્મચારીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ બસો, શરૂઆતમાં પહેલાથી જ ઓળખાયેલા રૂટ પર દોડશે જેમાં મુખ્યત્વે બાહ્ય દિલ્હીના દૂરના વિસ્તારોમાં મુસાફરી કરવી અને ત્યાંથી મુસાફરી કરવી શામેલ છે, LG દ્વારા જારી કરાયેલા નિર્દેશો અનુસાર, સંપૂર્ણપણે મહિલા સ્ટાફ દ્વારા સંચાલિત કરવામાં આવશે.

પ્રતિભાવમાં વિલંબને દૂર કરવાના હેતુથી એક મોટા તકનીકી સુધારામાં, દિલ્હી પોલીસની ૧૧૨ PCR ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ સાથે બસોમાં સ્થાપિત પેનિક બટન ચેતવણીઓને સીધી રીતે એકીકૃત કરવાનો મુખ્ય નિર્ણય લેવામાં આવ્યો. આ તાત્કાલિક જોડાણ ટ્રાન્ઝિટ નેટવર્ક અને કાયદા અમલીકરણ વચ્ચે સરળ સંકલનને સક્ષમ બનાવશે, મુશ્કેલીમાં મુકાયેલી મહિલા મુસાફરો માટે ઝડપી, વધુ અસરકારક અને સંપૂર્ણ પ્રતિરક્ષા પ્રતિભાવ પદ્ધતિ સુનિશ્ચિત કરશે.

ઉપરોક્ત ઉપરાંત, ઞ એ ન્ને જાણ કરી કે તેમના નિર્દેશો અનુસાર, ફક્ત મહિલાઓ અને બાળકો સંબંધિત ફરિયાદો અને ગુનાઓ માટે જ મહિલા પોલીસ સ્ટેશન ખોલવાની યોજના શરૂ કરવામાં આવી છે અને આવું પહેલું પોલીસ સ્ટેશન ટૂંક સમયમાં કાર્યરત થવા માટે તૈયાર છે.

મંગળવારે, દિલ્હીના ન્ને એ પોલીસ કમિશનર, સચિવ (WCD) અને નિયામક (શિક્ષણ) સાથે મળીને રાજધાનીમાં POCSO કાયદાના અમલીકરણની સ્થિતિની સમીક્ષા કરી. બાળક/વિદ્યાર્થીઓની સલામતીને ગંભીરતાથી લેતા, ન્ને એ દિલ્હીની શાળાઓનું વ્યાપક ઓડિટ કરવાનો નિર્દેશ આપ્યો જેથી POCSO કાયદાની જોગવાઈઓ અને માર્ગદર્શિકાઓનું વ્યવસ્થિત રીતે મૂલ્યાંકન કરી શકાય.

# કોલકાતા હાઈકોર્ટે વિધાનસભા અધ્યક્ષના નિર્ણય પર રોક લગાવવાનો ઈનકાર કર્યો

## ઋતબ્રત બેનર્જી કેસમાં મમતાની ટીએમસીને મોટો ઝટકો

કોલકતા,

પશ્ચિમ બંગાળમાં ઋતબ્રત બેનર્જીને વિરોધ પક્ષના નેતા તરીકે નિયુક્ત કરવાના નિર્ણયનો વિરોધ થઈ રહ્યો છે. મમતા બેનર્જીના છાવણીએ વિધાનસભા અધ્યક્ષના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો છે. ગુરુવારે સુનાવણી દરમિયાન, હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે આ મામલે કોઈ વચગાળાનો આદેશ પસાર કરશે નહીં. કોલકાતા હાઈકોર્ટના ન્યાયાધીશ કૃષ્ણ રાવે તાત્કાલિક આદેશ પસાર કરવાનો ઈનકાર કર્યો હતો અને પક્ષકારોને તેમના જવાબો દાખલ કરવા નિર્દેશ આપ્યો હતો.

ઋતબ્રત સીધા મમતા પર પ્રહાર કરે છે: કહ્યું, "બંગાળ વિધાનસભા ૧૫ વર્ષથી અપંગ છે; ન તો કાર્યકારી દિવસોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો, ન તો વિપક્ષને કોઈ સન્માન મળ્યું .ઋતબ્રત બેનર્જી કેસમાં, કોલકાતા હાઈકોર્ટની બેન્ચે આદેશ આપ્યો હતો કે સ્પીકરના નિર્ણયનો વિરોધ કરી રહેલા જૂથને ત્રણ અઠવાડિયામાં સોગંદનામું દાખલ કરવામાં આવે. કોર્ટે બે અઠવાડિયામાં જવાબ દાખલ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. કોર્ટના આદેશ મુજબ, સ્પીકરના નિર્ણય આગામી સુનાવણી સુધી યથાવત્ રહેશે. આ કેસમાં આગામી સુનાવણી હવે ૨૮ જુલાઈએ થશે. કોર્ટના આદેશ બાદ, તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ બંને દ્વારા નિવેદનો જારી કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળના જૂથના ધારાસભ્ય શોભનદેવ ચટ્ટોપાધ્યાયે આ નિમણૂક સામે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. તેમની અરજીમાં, તેમણે સ્પીકરના નિર્ણયને પડકાર્યો. ચટ્ટોપાધ્યાયે દલીલ કરી હતી કે સ્પીકરે ખોટી રીતે તેમનું નામાંકન નકારી કાઢ્યું હતું અને બેનર્જીને નેતા તરીકે નિયુક્ત કર્યા હતા. વિરોધ. ન્યાયાધીશ કૃષ્ણ રાવે, મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, હાલમાં કોઈ વચગાળાનો આદેશ આપવાનો ઈનકાર કર્યો.

# ૨૧ જૂને યોજાનારી નીટ યુજી પુનઃ પરીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ

## વિદ્યાર્થીઓને તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવા નિર્દેશ

નવીદિલ્હી,

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને ગુરુવારે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી. શિક્ષણ મંત્રાલય, રાજ્ય સરકારો, રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓએ બેઠકમાં હાજરી આપી. ૨૧ જૂને યોજાનારી નીટ યુજી પુનઃપરીક્ષાની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી.

બેઠકમાં, મંત્રીએ જણાવ્યું હતું કે પરીક્ષા પ્રક્રિયામાં પારદર્શિતા, પ્રામાણિકતા અને નિષ્પક્ષતા જાળવવી મહત્વપૂર્ણ છે. તેમણે તમામ અધિકારીઓને પરીક્ષાના સુચારુ સંચાલન માટે સંપૂર્ણપણે સતર્ક અને સંપૂર્ણપણે તૈયાર રહેવા નિર્દેશ આપ્યો.

તેમણે અધિકારીઓને ફરીથી પરીક્ષા સંપૂર્ણપણે ન્યાયી અને સ્વતંત્ર રીતે યોજવા માટે તમામ જરૂરી પગલાં લેવા સૂચના આપી. તેમણે તમામ સ્તરે વધુ સારા સંકલનના મહત્વ પર પણ ભાર મૂક્યો. આ હાંસલ કરવા માટે, મંત્રાલય દ્વારા નિયુક્ત અધિકારીઓ પ્રક્રિયાનું નિરીક્ષણ કરવા અને NTA ના મહાનિર્દેશકના નેતૃત્વ હેઠળના કમાન્ડ સેન્ટરને રિપોર્ટ કરવા માટે વિવિધ રાજ્યોની મુલાકાત લેશે. મંત્રીએ રાજ્ય સરકારોના નોડલ અધિકારીઓને વિદ્યાર્થીઓને તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવા નિર્દેશ આપ્યો જેથી તેઓ કોઈપણ તણાવ વિના પરીક્ષા આપી શકે.

# મહારાષ્ટ્ર અને બંગાળ પછી ભાજપનું આગામી લક્ષ્ય બિહાર : નીતિશ કુમારની જદયુને ખતરો

## જનતા દળ (યુ) માં પણ આંતરિક જૂથવાદ અને જાતિ આધારિત રાજકારણનો ભાજપ ઉઠાવી શકે છે લાભ

પટણા,

ભાજપના રણનીતિકારો જે રીતે પ્રાદેશિક પક્ષોને એકીકૃત કરવા માટે કામ કરી રહ્યા છે તે જોતાં, તેમાં કોઈ શંકા નથી કે બિહારના પ્રાદેશિક પક્ષો પણ ભાજપના રણનીતિકારો માટે 'સોફ્ટ ટાર્ગેટ' હશે. બંગાળ અને મહારાષ્ટ્ર પછી બિહાર આગામી લક્ષ્ય બને તો અતિશયોક્તિ નહીં હોય. ગમે તે હોય, બિહારના પ્રાદેશિક પક્ષોના નેતાઓમાં તેમના ભવિષ્યના રાજકારણ વિશે કોઈ નિશ્ચિતતાની ભાવનાનો અભાવ છે. જનતા દળ (યુનાઈટેડ) માં પણ, આંતરિક જૂથવાદ અને જાતિ આધારિત રાજકારણ ચરમસીમાએ છે. શું આ જૂથવાદ અથવા જાતિ આધારિત રાજકારણ બિહારને બંગાળના માર્ગે દોરી શકે છે?

બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમારની ઉંમર અને સ્વાસ્થ્યને જોતાં, રાજકીય વર્તુળોમાં એવી



ચર્ચા છે કે જનતા દળ (યુનાઈટેડ) પર તેમની પકડ હવે મજબૂત નથી. જનતા દળ (યુનાઈટેડ) માં તેના પોતાના નેતાઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર, જૂથો વચ્ચે અથડામણ અને તોડફોડની તાજેતરની ઘટનાઓ જેડીયુ રાજકારણ માટે સકારાત્મક દિશા સૂચવતી નથી. ટેબલ તોડવી, પ્લેટો તોડવી અને એક જૂથ દ્વારા બીજા જૂથ દ્વારા ખુરશીઓથી હુમલો કરવો એ પણ જેડીયુના સારા દિવસોના અંતના સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે.

જદયુમાં ઉચ્ચ જાતિના ટોચના નેતાઓ સામે સૂત્રોચ્ચાર અને અપશબ્દોનો ઉપયોગ જાતિ આધારિત જૂથવાદ તરફ ઈશારો કરે છે. આ વિવાદે નીતિશ કુમાર પાસેથી તે સત્તા છીનવી લીધી છે જે એક સમયે ભાજપથી નારાજ હતા અને ઘણીવાર આરજેડી સરકાર બનાવી હતી. જો નીતિશ કુમાર હવે આમ કરે છે, તો જેડીયુમાં મોટા ભાગલા પડવાની શક્યતા નકારી શકાય નહીં. કોઈ પણ સંજોગોમાં, જેડીયુના કાર્યકારી પ્રમુખ, સંજય ઝા અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન, જેને લલ્લન સિંહ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેઓ ભાજપની રાજનીતિ પ્રત્યેના મજબૂત વલણને કારણે પાર્ટીમાં નોંધપાત્ર વિરોધનો સામનો કરી રહ્યા છે.

# UAE એ સોશિયલ મીડિયાના ઉપયોગની લઘુત્તમ ઉંમર ૧૫ વર્ષ નક્કી કરી

## સોશિયલ મીડિયાના ઉપયોગ પર નિયંત્રણ મુકનાર UAE પ્રથમ આરબ દેશ

સંયુક્ત આરબ

સંયુક્ત આરબ અમીરાત ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ આરબ દેશ બન્યો છે. સરકારે ગુરુવારે સોશિયલ મીડિયા માટે લઘુત્તમ વય નક્કી કરવાના ઠરાવને મંજૂરી આપી છે.

આ આદેશ ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને વ્યક્તિગત સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવવા અથવા તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકે છે અને પ્લેટફોર્મની સંપૂર્ણ સુવિધાઓ સુધી તેમની ઍક્સેસને પ્રતિબંધિત કરે છે. યુએઈ, યુકે, ઓસ્ટ્રેલિયા અને મલેશિયા સહિત બાળકો માટે સોશિયલ મીડિયાની ઍક્સેસને નિયંત્રિત કરવા માટે સમાન કાયદાઓનું આયોજન કરતા અન્ય ઘણા દેશોને અનુસરે છે.

બાળકોના માનસિક સ્વાસ્થ્ય, ઓનલાઈન સલામતી અને સ્ક્રીન સમય પર સોશિયલ મીડિયાની અસર અંગે વધતી જતી વૈશ્વિક ચિંતાઓ વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે. વિશ્વભરની સરકારો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વય-આધારિત પ્રતિબંધો લાદવાનો વધુને વધુ પ્રયાસ કરી રહી છે, એવી દલીલ કરીને કે બાળકો હાનિકારક સામગ્રી, સાયબર ધમકીઓ અને વ્યસનકારક ઓનલાઈન વર્તન માટે સંવેદનશીલ છે.

# ભારત હંમેશા શાંતિ અને માનવતાના મૂલ્યોને પ્રાથમિકતા આપનારુ રાષ્ટ્ર : પીએમ મોદી

## ફ્રાન્સના એવિઆન-લે-બેન્સમાં જી-૭ સમિટ દરમિયાન વડા પ્રધાન મોદીની યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથે મુલાકાત

પેરિસ,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ભારત હંમેશા શાંતિ માટે ઊભું રહેશે અને માનવતાના મૂલ્યોને બીજા બધા કરતા વધારે પ્રાથમિકતા આપશે. ફ્રાન્સના એવિઆન-લે-બેન્સમાં જી-૭ સમિટ દરમિયાન, વડા પ્રધાન મોદીએ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ ભારત-યુક્રેન સંબંધો અને પરસ્પર સહયોગના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી. બેઠક પછી, વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર જણાવ્યું હતું કે તાજેતરના વર્ષોમાં ભારત અને યુક્રેન



વચ્ચે સંવાદ અને સહયોગમાં સતત વધારો થયો છે.

પ્રધાન પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભારત અને યુક્રેન વચ્ચે વધતો સહયોગ બંને દેશોના સંબંધોના ઘણા ક્ષેત્રોમાં દેખાય છે. તેમણે જણાવ્યું હતું કે વાતચીત દરમિયાન બંને દેશો વચ્ચે સહકારના વિવિધ પાસાઓની સમીક્ષા કરવામાં આવી હતી. વડા પ્રધાને કહ્યું હતું કે ભારત અને યુક્રેન સંમત છે કે બંને દેશો વચ્ચેના વેપાર સંબંધો યુદ્ધ પહેલાના સ્તરે પુનઃસ્થાપિત કરવા જોઈએ. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે ભારત હંમેશા શાંતિ માટે ઊભું રહેશે અને માનવતાના મૂલ્યોને ટોચની પ્રાથમિકતા આપશે.

ભારતે રશિયા-યુક્રેન યુદ્ધનો અંત સંવાદ અને રાજદ્વારી દ્વારા લાવવાની સતત હિમાયત કરી છે. નવી દિલ્હી માને છે કે સંઘર્ષનો ઉકેલ ફક્ત વાતચીત દ્વારા જ શક્ય છે.

# પૂર્વ પ્રધાનમંત્રીના પુત્ર નરેશ કુમાર સાથે ઓનલાઈન ૭.૮ કરોડની છેતરપિંડી

## પોલીસે ઈ-એફઆઈઆર દાખલ કરી ૪ કરોડ સ્થગિત કર્યા

નવીદિલ્હી,

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઈન્દર કુમાર ગુજરાલના પુત્ર નરેશ કુમાર ગુજરાલ સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા છે. છેતરપિંડી કરનારે તેમના કર્મચારી સાથે ૭.૮ કરોડ તેમના ખાતામાં ટ્રાન્સફર કરવા માટે છેતરપિંડી કરી હતી. દિલ્હી પોલીસે આ રકમમાંથી ૪ કરોડ સ્થગિત કર્યા છે. દિલ્હી પોલીસે પૂર્વ પ્રધાનમંત્રીના પુત્ર સાથે સંકળાયેલા ઓનલાઈન છેતરપિંડીની તપાસ શરૂ કરી છે. પોલીસે ઈ-એફઆઈઆર દાખલ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ૭.૮ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી છે. જેમાંથી લગભગ ૪ કરોડ રૂપિયા સ્થગિત કરવામાં આવ્યા છે.

ભૂતપૂર્વ સાંસદ નરેશ કુમાર ગુજરાલ સાથે છેતરપિંડી થઈ હતી. તેઓ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દર કુમાર ગુજરાલના પુત્ર છે. છેતરપિંડી કરનાર વ્યક્તિએ નરેશ ગુજરાલના ફોટાનો ઉપયોગ કરીને પોતાના કર્મચારીને વોટ્સએપ મેસેજ મોકલ્યો હતો અને નરેશ ગુજરાલ તરીકે વાત કરી હતી. છેતરપિંડી કરનાર વ્યક્તિએ મીટિંગમાં હોવાનો દાવો કર્યો હતો અને આરટીજીએસ દ્વારા એકાઉન્ટ નંબર પર પૈસા ટ્રાન્સફર કર્યા હતા. હાલમાં, પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. છેતરપિંડી કરનાર વ્યક્તિ વિશે હજુ સુધી કોઈ માહિતી મળી નથી.

# એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરે છાવણીમાં બળવાની આખી સ્ક્રિપ્ટ આગલી રાત્રે લખી હતી

## ઉદ્ધવ સેના બેઠકમાં ગેરહાજર રહેલા સાંસદોને નોટિસ ફટકારશે

મુંબઇ,

ઉદ્ધવ ઠાકરે જૂથને જેનો ડર હતો તે થયું છે. સંસદ ભવનમાં ઉદ્ધવ સેનાના લોકસભા સાંસદોની બોલાવાયેલી બેઠકમાં છ સાંસદો હાજર રહ્યા ન હતા. લોકસભાના માત્ર ત્રણ સાંસદો અને રાજ્યસભાના એક સાંસદે બેઠકમાં હાજરી આપી હતી. ઉદ્ધવ સેનાના માત્ર નવ સાંસદો છે, અને જો છ ગેરહાજર રહે છે, તો સ્પષ્ટ છે કે બે તૃતીયાંશ સભ્યો બળવો કરવા તૈયાર છે, અને પક્ષમાં નવા ભાગલા પડવાનું જોખમ છે. દરમિયાન, સૂત્રોએ ખુલાસો કર્યો છે કે એકનાથ શિંદેએ બુધવારે રાત્રે આ બળવાખોર સાંસદો સાથે બળવોની સ્ક્રિપ્ટ તૈયાર કરી લીધી હતી. તેમણે એક ઓનલાઈન બેઠક યોજી હતી, જેમાં તેઓ સાંસદો સાથે જોડાયા હતા.

સૂત્રો કહે છે કે ઓનલાઈન બેઠક લગભગ ૩૦ થી ૩૫ મિનિટ ચાલી હતી. બેઠક કાનૂની મુદ્દાઓ વિશે હતી, અને એકનાથ શિંદેએ તેમને ખાતરી આપી હતી કે કોઈ સમસ્યા નહીં થાય. બેઠક દરમિયાન, સાંસદોએ ચિંતા વ્યક્ત કરી હતી કે જો તેઓ પક્ષ બદલશે તો તેમનું સભ્યપદ જોખમમાં મુકાશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે એકનાથ શિંદેએ તેમના પ્રશ્નનો જવાબ સ્પષ્ટપણે કહીને આપ્યો હતો કે જો તેમની એકતા અકબંધ રહેશે, તો પક્ષ વિભાજીત થવાનો ભય રહેશે, જ્યારે તેમનું સભ્યપદ બચી જશે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ સંપૂર્ણ કાનૂની સહાય પૂરી પાડશે. આ પછી જ સાંસદો ઉદ્ધવ છાવણી દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં ભાગ ન લેવા સંમત થયા.

સંજય રાઉત અને અરવિંદ સાવંતને સાંસદોનો સંપર્ક કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ તેમને મનાવવામાં નિષ્ફળ ગયા. ઉદ્ધવ ઠાકરેને અરવિંદ સાવંત દ્વારા બોલાવવામાં આવેલી સાંસદોની બેઠક અંગે માહિતી આપવામાં આવી છે. ઠાકરેને છ સાંસદોની ગેરહાજરી અંગે ફોન દ્વારા જાણ કરવામાં આવી છે.

# વૈશ્વિક તણાવ અને યુદ્ધના અંત સાથે ભારત - ઈરાન વચ્ચે સદીઓ જૂના વેપાર સંબંધો પૂર્ણ ગતિએ ફરી શરૂ થવાની તૈયારી

## અગાઉ ભારત દરરોજ આશરે ૩૦૦,૦૦૦ બેરલ ઈરાની ક્રૂડ ઓઈલ આયાત કરતું હતું

નવીદિલ્હી,

પશ્ચિમ એશિયામાં લાંબા સમયથી ચાલી રહેલા તણાવનો હવે અંત આવ્યો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને બંને દેશો વચ્ચે મહિનાઓથી ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા માટે એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. યુએસ અને ઈરાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંને નેતાઓએ બુધવારે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, અને તે તાત્કાલિક અમલમાં આવ્યો હતો. તેની સૌથી મોટી અસર ક્રૂડ ઓઈલના ભાવ પર જોવા મળી રહી છે.

છેલ્લા કેટલાક દિવસોમાં ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે, જેના કારણે ભારત જેવા મુખ્ય તેલ આયાત કરતા દેશો માટે રાહતની આશા જાગી છે. નિષ્ણાતો માને છે કે જો પરિસ્થિતિ સામાન્ય રહેશે, તો ભારત અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલતા તેલ વેપાર સંબંધો ફરી એકવાર મજબૂત થઈ શકે છે.

યુદ્ધ દરમિયાન, બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૩૮ પર પહોંચી ગયા હતા. આજે સવારે, બ્રેન્ટ ક્રૂડ ઈ૭૭.૯૩ પ્રતિ બેરલ અને ડબ્લ્યુટીઆઈ ક્રૂડ ૭૪.૯૦ પ્રતિ બેરલની આસપાસ ટ્રેડ થઈ રહ્યું હતું. માત્ર ચાર દિવસમાં તેલના ભાવ લગભગ ૧૮% ઘટ્યા છે.

યુએસ પ્રતિબંધોને કારણે ભારતે ૨૦૧૯ માં ઈરાન પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવું પડ્યું હતું. અગાઉ, ભારત દરરોજ આશરે ૩૦૦,૦૦૦ બેરલ ઈરાની ક્રૂડ ઓઈલ આયાત કરતું હતું, અને ઈરાન દેશના મુખ્ય તેલ સપ્લાયર્સમાંનું એક હતું. હવે, જો પરિસ્થિતિ સામાન્ય થાય છે, તો ભારતીય રિફાઈનરીઓ ફરી એકવાર ઈરાની તેલ ખરીદી શકે છે. આનાથી ભારતને સસ્તું ક્રૂડ તેલ મળી શકે છે, તેમજ શિપિંગ અને પરિવહન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે.એરલાઈન્સના ખર્ચનો નોંધપાત્ર હિસ્સો એવિએશન ટર્બાઈન ફ્યુઅલ પર થાય છે.

# ટર્ટલમિન્ટ ફિનટેક સોલ્યુશન સર્વિસીસ લિમિટેડનો આઈપીઓ ૧૯ જૂનના રોજ ખુલશે




ટર્ટલમિન્ટ ફિનટેક સોલ્યુશન સર્વિસીસ લિમિટેડ નો ઈશ્યૂ ૧૯ જૂન ના રોજ ખૂલી રહ્યો છે. ઓફર ની પ્રાઈઝ બેન્ડ ઈકવિટી શેર દીઠ રૂ ૧૪૪ થી રૂ ૧૫૨ રાખવામાં આવી છે.બીડ્ અરજી ૯૮ ઈકવિટી શેર અને ત્યારબાદ ૯૮ ઈકવિટી શેર ના ગુણાંક માં કરી શકાશે. ઈશ્યૂ ૧૯જૂનના રોજ ખુલશે અને ૨૩ જૂનના રોજ બંધ થશે.

# ભારત હવે વિયેતનામને બ્રહ્મોસ મિસાઈલ પૂરી પાડશે : નિકાસ કરાર અંતિમ તબક્કામાં

## વિયેતનામ ઉપરાંત, બ્રહ્મોસ મિસાઈલના નિકાસ અંગે પૂર્વ અને પશ્ચિમ પ્રદેશોના ઘણા અન્ય દેશો સાથે વાટાઘાટો




નાગપુર,

ભારતની સુપરસોનિક ક્રુઝ મિસાઈલ, બ્રહ્મોસના નિકાસ અંગે મોટી પ્રગતિ થઈ છે. બ્રહ્મોસ એરોસ્પેસના વડા જયતીર્થ જોશીએ જણાવ્યું હતું કે બ્રહ્મોસ મિસાઈલના નિકાસ અંગે વિયેતનામ સાથે વાટાઘાટો લગભગ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. ફક્ત થોડી જરૂરી મંજૂરીઓ બાકી છે, જેના કારણે આ મહત્વપૂર્ણ સંરક્ષણ સોદાને અંતિમ સ્વરૂપ આપી શકાય છે. વિયેતનામ ચીન સાથે પણ સરહદ ધરાવે છે, અને બંને પડોશી દેશો છે.

જોશીએ નાગપુરમાં બ્રહ્મોસ કાર્યક્રમ માટે સોલર ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા લિમિટેડ દ્વારા ઉત્પાદિત ૧૦૦મા સ્વદેશી બૂસ્ટરના લોન્ચ દરમિયાન આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે વિયેતનામ ઉપરાંત, બ્રહ્મોસ મિસાઈલના નિકાસ અંગે પૂર્વ અને પશ્ચિમ પ્રદેશોના ઘણા અન્ય દેશો સાથે વાટાઘાટો ચાલી રહી છે. તેમણે જણાવ્યું હતું કે સરકારની મંજૂરી મળતાં જ આ દેશો વિશેની માહિતી જાહેરમાં શેર કરવામાં આવશે.

જયતીર્થ જોશીએ જણાવ્યું હતું કે ખર્ચ ઘટાડવા અને સ્વદેશીકરણ વધારવા માટે છેલ્લા દોઢ વર્ષમાં વ્યાપક કાર્ય કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું, "વેલ્યુ એન્જિનિયરિંગ દ્વારા કાચા માલના ખર્ચમાં આશરે ૨૪ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે ઉત્પાદન અને અન્ય ઘટકોમાં આશરે ૧૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. બ્રહ્મોસમાં વપરાતા ભારતીય ઘટકોની કુલ કિંમત આગામી એકથી બે વર્ષમાં આશરે ૨૦ ટકા ઘટવાની ધારણા છે. આ મિસાઈલ સિસ્ટમને વધુ સ્પર્ધાત્મક અને ખર્ચ-અસરકારક બનાવશે."

જોશીએ જણાવ્યું હતું કે, ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, બ્રહ્મોસ-એનજી (નેક્સ્ટ જનરેશન) અને વિસ્તૃત રેન્જવાળા નવા સંસ્કરણો પર કામ ચાલી રહ્યું છે. અદ્યતન સંયુક્ત સામગ્રીનો ઉપયોગ કરીને મિસાઈલને હળવા બનાવવા માટે સંશોધન પણ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે ડિઝાઇન માન્યતા અને સિમ્યુલેશન અભ્યાસ પૂર્ણ થયા પછી નવા સંસ્કરણોની અંતિમ તકનીકી વિશિષ્ટતાઓને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

બ્રહ્મોસના વડાએ દાવો કર્યો હતો કે ઓપરેશન સિંદૂર દરમિયાન બ્રહ્મોસ મિસાઈલનું તાજેતરમાં વાસ્તવિક પરિસ્થિતિઓનો ઉપયોગ કરીને પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે બ્રહ્મોસ એક અનોખી સુપરસોનિક મિસાઈલ સિસ્ટમ બની ગઈ છે, જે ડીઆરડીઓ સાથે સહયોગથી વિકસાવવામાં આવી છે અને સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવી છે.

# વૃધ્ધ મહીલાને વિશ્વાસમા લઇ વાંધાજનક ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી રૂા.૩,૬૦,૦૦૦ પડાવી લીધા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: સોશિયલ મીડિયા મારફતે સાવરકુંડલા પંથકમાં રહેતી એક વૃદ્ધ મહીલાના સંપર્કમા આરોપીએ આવી વિડીયો કોલમાં વાત કરી વૃધ્ધ મહીલાને વિશ્વાસમા લઇ વોટસએપમા વાંધાજનક સ્ક્રીન શોર્ટના ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી વિશ્વાસઘાત કરી વૃધ્ધ મહિલા પાસેથી બળજબરી પુર્વક ઓનલાઇન માધ્યમથી ગુગલ પે મારફતે કુલ રૂ.૩,૬૦,૦૦૦ પડાવી લેનાર આરોપીને કચ્છ જીલ્લાના ખાવડા મુકામેથી ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સ આધારે પકડી પાડી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી રિમાન્ડની કાર્યવાહી હાથ ધરેલ છે.



સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર રહેતા એક ૬૫ વર્ષીય વૃધ્ધા સને-૨૦૨૫ ના અગિયારમા મહિનામાં ભુજ ગામે આવેલ સરપત નાકા બહાર, શાંતીનગર, કચ્છમાં એક રહેતા આરોપી મહમદ શબ્બીર નુરમહમદ સમાના સંપર્કમા આવેલ હતા. ત્યાર બાદ આ આરોપીએ વૃધ્ધા સાથે સાદા તથા વીડીયો કોલમા અવાર નવાર વાતચીત કરેલ હોય, અને વૃધ્ધાને આ આરોપી પ્રત્યે વિશ્વાસ બંધાતા અને બાદમાં બંને વીડીયો કોલમાં વાતચીત કરતા થાય હતા. તે દરમ્યાન ફરીયાદીના આરોપીએ આ વૃધ્ધના કમરથી ઉપરના ભાગના કપડા ઉતરાવેલ હતા. તેમજ બીજી વખતના વીડીયો કોલમા આરોપીએ આ વૃધ્ધાના કમરથી નીચેના ભાગના કપડા ઉતારી અને વૃધ્ધા પાસે મોઢુ ખોલાવેલ હોય, જે બંને વીડીયો કોલમાં કપડા ઉતારાવેલ અને મોઢુ ખોલાવેલના સ્કીન શોર્ટ આરોપીએ આ વૃધ્ધાની જાણ બહાર પાડી લઇ તે સ્કિન શોર્ટ ફોટા આ વૃધ્ધા તથા તેમના દિકરાના મોબાઇલ ફોનના વોટસએપમા મોકલી અને ફોટા વાયરલ કરવાની અને આ વૃધ્ધા તથા તેમના દીકરને જાનથી મારી નાખવાની ધમકી આપી ગત તા.૨૩/૧૧/૨૫ થી તા.૭/૫/૨૬ સુધીના અલગ અલગ તારીખ અને સમયગાળા દરમ્યાન વૃધ્ધા સાથે વિશ્વાસઘાત કરી બળજબરી પુર્વક આરોપીએ તેના મોબાઈલ ઉપર ઓનલાઈન માધ્યમથી ગુગલ પે મારફતે કુલ રૂા.૩,૬૦,૦૦૦ પડાવી લીધાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

આ બનાવમાં સાવરકુંડલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક વિરલ ચંદન દ્વારા આ ગુન્હાઓમાં આરોપીઓને પકડી પાડવા અને જરૂરી કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી કે.બી.સોલંકીના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા આરોપી મહમદ શબ્બીર નુરમામદ ઉર્ફે નુરમહમદ સમા નામના ઈસમને ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સ આધારે પકડી પાડી આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી રિમાન્ડની કાર્યવાહી હાથ ધરેલ છે.

## ઢસા–રાજુલા રેલ્વે લાઈન અંડરપાસ બોક્સનું નિર્માણ

# એશિયાટિક સિંહોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવા પ્રથમ અંડરપાસનું નિર્માણ કાર્ય પૂર્ણ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: પશ્ચિમ રેલવેનું વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ સુરક્ષાના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ અને પ્રશંસનીય પહેલને સાકાર કરી રહ્યું છે. ભાવનગરના મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્મા ના માર્ગદર્શન હેઠળ ગીર અને આસપાસના સંવેદનશીલ વિસ્તારોમાં એશિયાટિક સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષિત અવર જવર સુનિશ્ચિત કરવા માટે દેશના પ્રથમ અંડરપાસનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.

વિશ્વમાં એશિયાટિક સિંહોનું એકમાત્ર કુદરતી નિવાસ સ્થાન ગીર અને તેની આસપાસનો વિસ્તાર છે. આ અમૂલ્ય વન્ય ધરોહરના સંરક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા રાજય સરકાર, વન વિભાગ અને રેલવે પ્રશાસનના સંયુક્ત પ્રયાસોથી ઢસા–રાજુલા તથા રાજુલા–પીપાવાવ રેલખંડ પર પાંચ




સંવેદનશીલ સ્થળોની ઓળખ કરવામાં આવી છે. જયાં વન્યજીવોની સુરક્ષિત અવરજવર માટે વિશેષ અંડરપાસોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આ મહત્ત્વાકાંક્ષી યોજનાનો મુખ્ય હેતુ સિંહો તથા અન્ય વન્યજીવોને રેલવે ટ્રેક પાર કરવા માટે સુરક્ષિત માર્ગ ઉપલબ્ધ કરાવવાનો તેમજ વન્યજીવો અને રેલવે સંચાલન બંનેની સલામતી સુનિશ્ચિત કરીને "શૂન્ય અકસ્માત" (Zero Accident) ના લક્ષ્યને હાંસલ કરવાનો છે.

લગભગ રૂ. ૯.૪૨ કરોડના ખર્ચે અમલમાં મૂકવામાં આવી રહેલી આ યોજનામાં અત્યાર સુધી નોંધપાત્ર પ્રગતિ નોંધાઈ છે. ઢસા–રાજુલા રેલખંડના કિમી ૫૩/૧૪-૧૫ અને કિમી ૧૬/૯-૧૦ ખાતે અંડરપાસ બોક્સનું નિર્માણ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂક્યું છે. બાકીના ત્રણ સ્થળોએ નિર્માણ કાર્ય ઝડપથી પ્રગતિ પર છે અને તેને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

મંડળ રેલ પ્રબંધકે જણાવ્યું હતું કે, ભાવનગર મંડળ રેલવે સંચાલનની સુરક્ષા સાથે પર્યાવરણ સંરક્ષણ અને વન્યજીવ સુરક્ષાને પણ સમાન પ્રાથમિકતા આપી રહ્યું છે. વન્યજીવોની સુરક્ષા માટે વિકસાવવામાં આવી રહેલી આ નવીન પહેલ ભારતીય રેલવે માટે પ્રેરણાદાયક ઉદાહરણ છે. રેલવે, વન વિભાગ અને સ્થાનિક પ્રશાસનના સંકલિત પ્રયાસોથી આ યોજના વિસ્તારમાં વન્યજીવ સંરક્ષણની દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે.

પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ ભવિષ્યમાં પણ સુરક્ષિત, પર્યાવરણ-અનુકૂલ અને સતત વિકાસને પ્રોત્સાહન આપતી જનહિતકારી તથા સંરક્ષણાત્મક પહેલોને સતત આગળ વધારતું રહેશે. તેમ વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક પશ્ચિમ રેલવેસ ભાવનગર મંડલ દ્વારા જણાવાયું છે.

# ગીર સોમનાથ જિલ્લામાં વન વિસ્તાર અને ઈકો-સેન્સિટિવ ઝોનની આસપાસ સાસણ-ગીરની ૩૦૮ હોટલ-રિસોર્ટમાંથી ૨૨૧માં નિયમભંગ

## હાઈકોર્ટમાં રજુ થયેલા સોગંદનામામાં ખુલાસો : ૨૦ સીલ, ૧૯૧ને નોટીસ : સતત મોનીટરીંગ કરવા સુચના



અમરેલી:ગીર સોમનાથ જિલ્લામાં વન વિસ્તાર અને ઈકો-સેન્સિટિવ ઝોનની આસપાસ ધમધમતા હોટેલ, રિસોર્ટ અને હોસ્પિટાલિટી યુનિટોની તપાસમાં મોટા પાયે ગેરરીતિઓ સામે આવી છે.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ચાલી રહેલી સુઓ મોટુ રિટ પિટિશન (પીઆઈએલ) નંબર ૨૮૪/૨૦૧૪માં ગીર સોમનાથના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ એન. વી. ઉપાધ્યાયે કોર્ટના ૧ એપ્રિલ ૨૦૨૬ના મૌખિક હુકમના પાલનમાં સોગંદનામું રજૂ કર્યું છે, જેમાં તપાસની વિગતવાર સ્થિતિ રજૂ કરવામાં આવી છે. આવા બધા યુનિટો સામે કાર્યવાહી કરીને તેઓ રહેણાક જગ્યામાં ફરી વખત કોમર્શિયલ પ્રવૃતિ નહીં ચલાવે તે મતલબની બાહેધરી લઈને તેનું કાયમી યોગ્ય મોનીટરીંગ કરવા માટે હાઈકોટ દ્વારા સૂચન કરવામાં આવ્યું છે. રહેણાંકમાં હોમ સ્ટે ચલાવતા હોય તેવા ૧૨૭ યુનિટો તંત્ર દ્વારા ઓળખી કાઢવામાં આવ્યા છે.

સોગંદનામા મુજબ રેવન્યુ અને ફોરેસ્ટ વિભાગની સંયુક્ત ટીમોએ જિલ્લાની હદમાં, ઈકો-સેન્સિટિવ ઝોનની અંદર અને આસપાસના વિસ્તારોમાં જમીનના ઉપયોગ, બાંધકામની કાયદેસરતા અને જરૂરી પરવાનગીઓના પાલનની ચકાસણી માટે વિગતવાર તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન કુલ ૩૦૮ હોસ્પિટાલિટી યુનિટોની ઓળખ કરી તેમની પ્રત્યક્ષ તપાસ કરવામાં આવી. તેમાંથી ૮૭ યુનિટ કોઈપણ ખામી વિના કાયદેસર રીતે ચાલતા હોવાનું જણાયું, જ્યારે બાકીના ૨૨૧ યુનિટોમાં વિવિધ પ્રકારની ખામીઓ અને ગેરરીતિઓ નોંધાઈ.આ ૨૨૧ ખામીયુક્ત યુનિટોને ગંભીરતાના આધારે બે વર્ગમાં વહેંચવામાં આવ્યા છે, જેમાં ૧૬૩ યુનિટમાં નાની ખામીઓ અને ૫૮ યુનિટમાં મોટી ખામીઓ જણાઈ આવી. સોગંદનામામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે નાની ખામીઓ સુધારી શકાય તેવી પ્રકૃતિની છે અને તે મુખ્યત્વે મંજૂર બાંધકામ યોજનામાંથી નજીવા ફેરફાર, મંજૂરીમાં વિસંગતતા અથવા જરૂરી લાયસન્સ અપડેટ ન કરાયા હોવા જેવી પ્રક્રિયાગત કે ટેકનિકલ બાબતો સાથે સંકળાયેલી છે. આ વર્ગીકરણમાં એ બાબત પણ ધ્યાનમાં લેવાઈ છે કે જ્યાં બાંધકામની હદ જમીન ધારણ કરતાં મર્યાદિત અને પ્રમાણસર છે અને કોઈ મોટા વ્યાપારી શોષણનો સંકેત આપતી નથી.

બીજી તરફ મોટી ખામીઓમાં બિન-ખેતી પરવાનગી મેળવ્યા વિના જમીનનો હોસ્પિટાલિટી પ્રવૃત્તિ માટે ઉપયોગ, જ્યાં લાગુ પડતું હોય ત્યાં વન વિભાગની જરૂરી પરવાનગી વિના યુનિટ ચલાવવા, સરકારી અથવા પ્રતિબંધિત જમીન પર ગેરકાયદે બાંધકામ અને જમીન વપરાશ તથા પર્યાવરણીય નિયમન સંબંધિત કાયદાકીય જોગવાઈઓના અન્ય ગંભીર ઉલ્લંઘનનો સમાવેશ થાય છે.

આ ગંભીર ઉલ્લંઘનો સામે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ અને અન્ય લાગુ કાયદાઓ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને સંબંધિત યુનિટ ધારકોને ૧૯૧ શો કોઝ નોટિસ ફટકારવામાં આવી છે.

કુલ ખામીયુક્ત યુનિટોમાંથી ૨૮ યુનિટ સામે શરતભંગ બદલ કાર્યવાહી પહેલેથી જ હાથ ધરાઈ ગઈ છે, જે અંતર્ગત ૨૦ યુનિટને સીલ કરી દેવામાં આવ્યા છે. બાકીના યુનિટોમાં બાંધકામ દૂર કરવા, અપીલ સત્તાધિકારી સમક્ષ કાર્યવાહી, યુનિટ ધારકો દ્વારા બાંહેધરી અને અન્ય કાયદેસરની કાર્યવાહી સહિત યોગ્ય પગલાં લેવાયા છે અથવા પ્રક્રિયા હેઠળ છે. બે કેસોમાં સક્ષમ અથવા અપીલ સત્તાધિકારી સમક્ષ કાર્યવાહી પેન્ડિંગ હોવાથી અથવા વચગાળાના હુકમ હેઠળ આવરી લેવાયેલા હોવાથી તેમને શો કોઝ નોટિસ આપવામાં આવી નથી.

# અમરેલી જિલ્લામાં જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટા, ખેડૂતોમાં ખુશીનો માહોલ





(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ગઈકાલે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. જેને લઈ બગસરા, સાવરકુંડલા, લાઠી તથા અમરેલી આસપાસના વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં વરસતાં રોડ-રસ્તાઓ ભીના બન્યા હતા અને વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો.

અમરેલી જિલ્લામાં લાંબી રાહ બાદ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો છે. અમરેલી જિલ્લાના વિવિધ તાલુકામાં હળવા વરસાદી ઝાપટાં વરસતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. કાગડોળે વરસાદની રાહ જોતા શહેરીજનો અને ખેડૂતો માટે આ વરસાદી ઝાપટાં આશાનું કિરણ બની આવ્યા છે.

બગસરા પંથકમાં ગઈકાલે વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. પીઠડીયા ગામે હળવા વરસાદી ઝાપટાં વરસ્યા હતા. આ ઉપરાંત બાલપુર, હડાળા વાઘણીયા સહિતના વિસ્તારોમાં ઝરમર વરસાદ નોંધાતા હતો. રોડ-રસ્તાઓ ભીંજાયા હતા. બગસરા તાલુકાના ત્રણથી ચાર ગામોમાં વરસાદી ઝાપટાં પડતાં ગરમી અને ઉકળાટમાંથી લોકોને આંશિક રાહત મળી હતી.

સાવરકુંડલા પંથકમાં પણ ગઈકાલે વરસાદના શ્રીગણેશ થયા હતા. ખડસલી, છાપરી અને લીખાળા ગામ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદી ઝાપટાં વરસ્યા હતા. લીખાળા ગામમાં આશરે દસ મિનિટ સુધી સારો વરસાદ વરસ્યો હતો. નાની વડાળ અને વીજપડી ગામોમાં પણ ઝરમર વરસાદ નોંધાયો હતો. વરસાદી માહોલથી ખેડૂતોમાં નવી આશા જાગી છે. અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દામનગર નજીક આવેલા ભટવદર ગામમાં પણ હળવું વરસાદી ઝાપટું પડ્યું હતું. જ્યારે અમરેલી બાયપાસ રોડ વિસ્તારમાં પણ વરસાદી ઝાપટાં પડતાં માર્ગો ભીના બન્યા હતા.

જિલ્લાના અનેક વિસ્તારોમાં પડેલા આ પ્રારંભિક વરસાદી ઝાપટાંએ ચોમાસાની આગાહી વચ્ચે ખેડૂતો અને ગ્રામજનોમાં ખુશીની લાગણી ફેલાવી છે. આગામી દિવસોમાં સારો વરસાદ થાય તેવી આશા સાથે ખેડૂતો ખેતીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.

# અમરેલી ચક્કરગઢ રોડ પર વૃદ્ધ ઉપર છરી વડે હુમલો કરનાર ૩માંથી ૨ શખ્સ ઝડપાયા

## પોલીસે બંને શખ્સને ઘટનાસ્થળે લઈ જઈ રિ-કન્સ્ટ્રક્શન કરાવ્યું



અમરેલી:અમરેલીના ચક્કરગઢ રોડ પર સંકુલ ચોકડી નજીક રામદેવપીરના મંદિર આગળ ૧૫ દિવસ પહેલા વૃદ્ધ પર છરી અને લાકડી વડે હુમલો કરવાના ગુનામાં ફરાર ત્રણેય શખ્સોને અમરેલી એલસીબીની ટીમે ઝડપી પાડી શહેર પોલીસને સોંપ્યા હતા. ત્યારબાદ પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું.લીલીયા રોડ પર આવેલી સીમંધર સોસાયટીમાં રહેતા ૬૫ વર્ષીય મનસુખભાઈ ડોબરિયા ૫ જૂનના રોજ સવારે આશરે ૧૦ વાગ્યે સંકુલ ચોકડી પાસે હતા ત્યારે તમે શું મારી વાતો કરો છો? કહી કેતન ગજેરા, અજય ગજેરા અને એક અન્ય શખ્સે તેમની સાથે બોલાચાલી કરી હતી. બાદમાં ત્રણેયે મનસુખભાઈ તેમજ તેમના ભત્રીજા પર છરી અને લાકડી વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી.

બનાવ અંગે શહેર પોલીસમાં ફરિયાદ નોંધાતા ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતા. દરમિયાન અમરેલી એલસીબીની ટીમે કેતન ગજેરા, અજય ગજેરા નામના બે શખ્સને અમરેલીમાંથી ઝડપી પાડી શહેર પોલીસને સોંપ્યા હતા. જયારે અન્ય એક અજાણ્યા શખ્સની શોધખોળ ચાલી રહી છે.

# ઠાંસામાં જન કલ્યાણ શિબિર યોજાઈ:ધારાસભ્યની હાજરીમાં ગ્રામજનોના પ્રશ્નોનો સ્થળ પર નિકાલ

અમરેલી:લાઠી તાલુકાના ઠાંસા ગામે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં "વિકસિત ભારત જન કલ્યાણ શિબિર"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર હાજરી આપી વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતી મેળવી હતી તેમજ પોતાની સમસ્યાઓ અને રજૂઆતો સંબંધિત વિભાગોના અધિકારીઓ સમક્ષ રજૂ કરી હતી.

કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રજાના હિત માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ યોજનાઓનો લાભ ગામડાના છેવાડાના વ્યક્તિ સુધી સરળતાથી પહોંચે અને લોકોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે માટે આવા જન કલ્યાણ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે ઉપસ્થિત ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.




શિબિર દરમિયાન આવક, આરોગ્ય, કૃષિ, સામાજિક ન્યાય, મહિલા અને બાળ વિકાસ, પંચાયત, વીજ પુરવઠો, પાણી પુરવઠો સહિત વિવિધ વિભાગોના અધિકારીઓએ પોતાના વિભાગોની યોજનાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નો અને અરજીઓનું સ્થળ પર જ નિરાકરણ લાવવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ શક્ય ન હતો તે અંગે પણ સમયબદ્ધ કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગ્રામજનોએ સરકાર દ્વારા લોકોના દ્વારે સેવા પહોંચાડવાના આ અભિગમને આવકાર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આવા કાર્યક્રમોના કારણે સામાન્ય નાગરિકોને એક જ સ્થળે વિવિધ વિભાગોના અધિકારીઓનો સંપર્ક મળી રહે છે અને પોતાની સમસ્યાઓનું સરળતાથી નિરાકરણ મળી રહે છે. સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અંગે પણ લોકોને વ્યાપક માહિતી પ્રાપ્ત થતાં વધુને વધુ લાભાર્થીઓ યોજનાઓ સાથે જોડાઈ રહ્યા છે.કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત આગેવાનો અને અધિકારીઓએ પણ ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા તેમજ વિકાસલક્ષી કાર્યોમાં લોકોના સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી.

# લગ્નની લાલચે વાડળિયા ગામેથી પરપ્રાંતીય સગીરાનું અપહરણ

અમરેલી:બાબરા ટાઉન પોલીસ મથક વિસ્તારમાં સગીર વયની યુવતીને લગ્નની લાલચ આપી અપહરણ કરાયાની ફરિયાદ નોંધાતા પોલીસ ચોપડે ગુન્હો નોંધાયો છે.ગત તા. ૮ જૂન,ના રોજ બપોરના ૧૨ વાગ્યા આસપાસના સમયગાળા દરમિયાન ફરિયાદી ૪૦ વર્ષીય સગીરાની માતા મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના રહેવાસી અને હાલ જિલ્લામાં વાડી-ખેતરે મજૂરી કામ કરે છે, તેમની આશરે ૧૭ વર્ષની સગીર વયની પુત્રીને બિહારનો રહેવાસી એસાન સહજાદ આલમ નામનો શખ્સ લગ્ન કરવાની લાલચ આપી યુવતી સગીર વયની હોવાની જાણ હોવા છતાં તેને લલચાવી-ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હોવાનું નોંધાયું છે.

આ અંગે બાબરા પોલીસે એસાન સહજાદ આલમ નામના શખ્સ વિરુદ્ધ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીમાં રંગપુર રોડ નજીક બાઈક સ્લીપ થતા યુવકનું મોત

અમરેલી:અમરેલી શહેરના જેશીંગપરા વિસ્તારમાં રંગપુર રોડ પર આવેલા કોઝવે પાસે બાઈક સ્લીપ થઈ જતાં એક યુવકનું કરુણ મોત નીપજ્યું હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે.અમરેલી જેસિંગપરા વિસ્તારમાં રહેતા ભાવિનભાઈ અરવિંદભાઈ આકોલીયા (ઉં.વ.૩૫) ના ભાઈ ચિરાગભાઈ અરવિંદભાઈ આકોલીયા GJ-14-BF-3247 નંબરનું બાઈક લઈ ગઈ કાલે રાત્રે આશરે ૯:૩૦ વાગ્યે પોતાની વાડીમાંથી પોતાના ઘરે પરત જઈ રહ્યા હતા. તે દરમિયાન રંગપુર રોડ પર નીલકંઠ ફાર્મ નજીક આવેલા કોઝવે પાસે બાઈક બેફિકરાઈ અને ગફલતભરી રીતે ચલાવવાના કારણે સંતુલન ગુમાવતા બાઈક સ્લીપ થઈ જતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં ચિરાગભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે અમરેલી શહેર પોલીસે અકસ્માતમાં મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બેફામ રેતી ચોરી:લીલીયા પંથકમાંથી બે ડમ્પર સાથે રૂપિયા ૯.૨૧ લાખનો મુદ્દામાલ ઝડપાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

લીલીયા પંથકમાંથી પસાર થતી શેત્રુંજી નદીમાં પાછલા કેટલા સમયથી જવાબદાર વહીવટી તંત્રની મીઠી નજર તળે ખુલ્લેઆમ રેતી ચોરી ચાલી રહી છે. ખાણ ખનીજ વિભાગ કોઈ કાર્યવાહી કરતું નથી ત્યારે મામલતદારે અહીં રહેતી ભરેલા બે ડમ્પર ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

અહીં ચાલતી રેતી ચોરી અંગે સ્થાનિક આગેવાનોએ અનેકવાર રજૂઆત કરી રેતી ચોરી બંધ કરાવવા માંગણી કરેલ હોવા છતાં કશું જ પરિણામ મળેલ નથી. તેવા સમયે જવાબદાર ખાણ ખનીજ વિભાગ અને પોલીસ તંત્ર ઊંઘતું રહ્યું અને સ્થાનિક મામલતદાર એચ.બી.વાડાએ વહેલી સવારે પૂજાપાદર નજીક મામાદેવ મંદિર ચોકડી નજીકથી ડમ્પર નંબર GJ 13 AT 1857 તેમજ ડમ્પર નંબર GJ 06 XX 6516 સહિત ૩૦ ટન રેતીનો જથ્થો પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી છે. જવાબદાર ખાણ ખનીજ વિભાગની મીઠી નજર તળે શેત્રુંજી નદીમાં રેતી ચોરી ચાલી રહી છે અને બેફામ દોડતા ડમ્પરો અવારનવાર અકસ્માત પણ સર્જી રહ્યા છે.